

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 167
Dt.: 27-02-2026, Friday
Page : 04
Rs.00.50 paisa

ટૂંક સમયમાં ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરવામાં આવશે : વડાપ્રધાન મોદી

# ભારત-ઈઝરાયેલ વચ્ચે અનેક મહત્વના કરારો પર હસ્તાક્ષર

## બંને દેશો વચ્ચે સંરક્ષણ, સુરક્ષા, વેપાર, ટેકનોલોજી, કૃષિ સહિત અનેક સેક્ટરોમાં સહયોગ વધારવા મુદ્દે વાતચીત બાદ એમઓયુ પર હસ્તાક્ષર

(સંપૂર્ણ સમાચાર સેવા)જેરુસાલેમ

ઈઝરાયેલ પ્રવાસે ગયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે બેઠક યોજાઈને અનેક મહત્ત્વના કરારો પર હસ્તાક્ષર કર્યા છે.

બંને નેતાઓ વચ્ચે આજે (૨૬ ફેબ્રુઆરી) મહત્ત્વની બેઠક યોજાઈ હતી, જેમાં બંને દેશો વચ્ચે સંરક્ષણ, સુરક્ષા, વેપાર, ટેકનોલોજી, કૃષિ સહિત અનેક સેક્ટરોમાં સહયોગ વધારવા મુદ્દે વાતચીત કરવામાં આવી છે. ત્યારબાદ બંને નેતાઓએ એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. આ દરમિયાન બંને નેતાઓ વચ્ચે સમજૂતીઓનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું છે.

બેઠક દરમિયાન વડાપ્રધાન મોદીએ નેતન્યાહૂને પોતાના મિત્ર કહીને સંબોધનની શરૂઆત કરી છે. તેમણે કહ્યું કે, તેમણે અને ભારતીય ડેલિગેશને ઈઝરાયલ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવા હૃદયપૂર્વક આભાર વ્યક્ત વ્યક્ત કર્યો છે.

તેમણે કહ્યું કે, 'મને ૯ વર્ષ પહેલા વડાપ્રધાન તરીકે ઈઝરાયલ આવવાની તક મળી હતી, ત્યારે આ મારો બીજો ભાવુકતાભર્યો પ્રવાસ છે. ગઈકાલે મને સંસદમાં સંબોધન કરવાની તક મળી, મને સ્પીકર ઓફ ધ નેસેટ મેડલ આપીને મારું સન્માન કરવામાં આવ્યું. આ બદલ હું હાર્દિક આભાર વ્યક્ત કરું છું. હું ઈઝરાયેલ દ્વારા કરાયેલા સન્માનને ૧૪૦ કરોડ ભારતીયો અને ભારત-ઈઝરાયલ મિત્રતાને સમર્પિત કરું છું.'

વડાપ્રધાને સંબોધમાં અનેક સમજૂતીઓનો ઉલ્લેખ કર્યો છે. તેમણે કહ્યું છે કે, બંને દેશોના સંબંધો તમામ કસોટીઓમાં સફળ થયા છે. તેમણે ભવિષ્યમાં બંને દેશો વચ્ચે થનારી સમજૂતીઓનો પણ ઉલ્લેખ કર્યો છે. આ ઉપરાંત ભવિષ્યમાં 'ટેકનોલોજી'ને વધુમાં વધુ મહત્ત્વ આપીને તેમાં ભાગીદારી વધારવાની પણ જાહેરાત કરવામાં આવી છે. બેઠકમાં બંને નેતાઓ વચ્ચે (૧) સ્પેશિયલ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપનો દરજ્જો, (૨) ક્રિટિકલ એન્ડ ઈમર્જિંગ ટેકનોલોજી પાર્ટનરશિપ, (૩) સેન્ટર ઓફ એક્સેલન્સ અને વિલેજ ઓફ એક્સેલન્સ, (૪) ઈન્ડિયા ઈઝરાયેલ એકેડેમિક ફોરમ, (૫) વિવિધ ક્ષેત્રોમાં **MoU** - રક્ષા, સુરક્ષા, વેપાર, ટેકનોલોજી અને કૃષિ, (૬) આતંકવાદ વિરુદ્ધ સહયોગ વધારવા મુદ્દે સમજૂતી થઈ છે.



વડાપ્રધાને એવું પણ કહ્યું છે કે, બંને દેશો વચ્ચે ભવિષ્યમાં પણ અનેક સમજૂતીઓ પર હસ્તાક્ષર થશે, જેમાં ટૂંક સમયમાં ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરવામાં આવશે.

આ ઉપરાંત કેર ગિવર્સ સહયોગનો વિસ્તાર વધારાશે, ફ્યુચર રેડી ફાર્મિંગ અને **IMEC** કોરિડોર અને **I2U2** પ્રોજેક્ટ્સની પણ સમજૂતી કરવામાં આવશે.

વડાપ્રધાને કહ્યું છે કે, ભારતમાં ઈઝરાયેલના સહયોગથી સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના કરવામાં આવી છે, જેની સંખ્યા ૧૦૦ સુધી લઈ જવાનો નિર્ણય કરાયો છે.

આ ઉપરાંત 'વિલેજ ઓફ એક્સેલન્સ' પણ બનાવવામાં આવશે અને તેનાથી ઈઝરાયલની ટેકનલોજી ભારતના ગામડાઓ સુધી પહોંચશે, જેનાથી ભારતના લોકોને લાભ થશે. અમે ફ્યુચર રેડી ફાર્મિંગની દિશામાં આગળ વધીશું. આનાથી ખેતી પદ્ધતિને અનેકઘણો ફાયદો થશે.

બંને દેશોએ કંઈ કંઈ સમજૂતીઓ કરી?

૧. સ્પેશિયલ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપનો દરજ્જો : બંને દેશોએ પોતાની ભાગીદારીને સ્પેશિયલ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ (વિશેષ વ્યૂહાત્મક ભાગીદારી) તરીકે જાહેર કરવાની સમજૂતી કરી લીધી છે. વડાપ્રધાને આ સેન્ટરની સંખ્યા ૧૦૦ સુધી પહોંચાડવાની જાહેરાત કરી છે.

૨. ક્રિટિકલ એન્ડ ઈમર્જિંગ ટેકનોલોજી પાર્ટનરશિપ : **AI** (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ), ક્વોન્ટમ કમ્પ્યુટિંગ અને ક્રિટિકલ મિનરલ્સ જેવા ક્ષેત્રોમાં સહયોગ સ્થાપિત કરવાનો નિર્ણય લેવાયો છે.

૩. સેન્ટર ઓફ એક્સેલન્સ અને વિલેજ ઓફ એક્સેલન્સ : ભારતમાં ઈઝરાયેલના સહયોગથી ચાલતા સેન્ટર ઓફ એક્સેલન્સની સંખ્યા વધારીને ૧૦૦ સુધી લઈ જવાનો અને વિલેજ ઓફ એક્સેલન્સ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

૪. ઈન્ડિયા ઈઝરાયેલ એકેડેમિક ફોરમ : શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે બંને દેશોના જોડાણ માટે આ ફોરમની સ્થાપના કરવાની જાહેરાત કરવામાં આવી છે. ૫. વિવિધ ક્ષેત્રોમાં **MoU** : રક્ષા, સુરક્ષા, વેપાર, ટેકનોલોજી અને કૃષિ જેવા ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોને પ્રોત્સાહન આપવા માટે અનેક **MoU** (સમજૂતી પત્રો) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

૬. આતંકવાદ વિરુદ્ધ સહયોગ : આતંકવાદનો સામનો કરવા માટે ખભેખભા મિલાવીને કામ કરવાની અને આંતરરાષ્ટ્રીય મંચ પર એકબીજાને સહકાર આપવાની સમજૂતી થઈ છે.

ભવિષ્યમાં કંઈ કંઈ સમજૂતીઓ કરાશે?

૧. ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ **(FTA)** : વડાપ્રધાન મોદીએ જણાવ્યું છે કે ભારત અને ઈઝરાયેલ વચ્ચે મુક્ત વ્યાપાર સમજૂતી **(Free Trade Agreement)** ને ટૂંક સમયમાં જ અંતિમ રૂપ આપવામાં આવશે. આ પ્રક્રિયા હજુ પૂર્ણ થવાની બાકી છે.

૨. કેર ગિવર્સ સહયોગનો વિસ્તાર : કેર ગિવર્સ સેન્ટર અને ભારતીય કામદારોના જે સફળ સહયોગ છે, તેનો વ્યાપ હવે કોમર્સ (વાણિજ્ય) અને સર્વિસ (સેવા) જેવા નવા ક્ષેત્રોમાં પણ વધારવામાં આવશે.

૩. ફ્યુચર રેડી ફાર્મિંગ : આધુનિક ટેકનોલોજીના માધ્યમથી ભવિષ્યની જરૂરિયાતો મુજબની ખેતી પદ્ધતિઓ વિકસાવવાની દિશામાં બંને દેશો આગળ વધશે.

૪. **IMEC** કોરિડોર અને **I2U2** પ્રોજેક્ટ્સ : આઈમેક (ઈન્ડિયા-મિડલ ઈસ્ટ-યુરોપ કોરિડોર) અને **I2U2** (ભારત, ઈઝરાયેલ, યુએઈ, યુએસ) જેવી મોટી વૈશ્વિક યોજનાઓ પર નવી ગતિથી કામ કરવામાં આવશે.

૫. આર્થિક પ્રોજેક્ટ્સ : આ ઉપરાંત ભવિષ્યમાં બંને દેશો વચ્ચેના લોકોના જોડાણને પ્રાથમિકતા આપીને વિવિધ સામાજિક અને આર્થિક પ્રોજેક્ટ્સ પર કામ કરવાનું આયોજન છે.

---

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈતિહાસ રચ્યો

# વડાપ્રધાન મોદીએ ઈન્સ્ટાગ્રામ પર ૧૦ કરોડ ફોલોઅરનો આંકડો પાર કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈતિહાસ રચ્યો છે. તેમણે ગુરુવારે ઈન્સ્ટાગ્રામ પર ૧૦ કરોડ (૧૦૦ મિલિયન) ફોલોઅરનો આંકડો પાર કર્યો અને આવું કરનાર તેઓ વિશ્વના પ્રથમ નેતા બન્યા છે. પીએમ મોદી ૨૦૧૪થી ઈન્સ્ટાગ્રામ પર એક્ટિવ છે અને છેલ્લા ૧૦ વર્ષમાં તેમનું એકાઉન્ટ વિશ્વના નેતાઓમાં સૌથી વધુ આકર્ષક પ્લેટફોર્મ બની ગયું છે. ૨૦૧૪માં ઈન્સ્ટાગ્રામમાં જોડાનારા વડાપ્રધાન



મોદીના યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ કરતા વધુ ફોલોઅર્સ છે. તેમના ફોલોઅર્સની સંખ્યા ડોનાલ્ડ ટ્રમ્પ કરતા બમણી છે, જેમના હાલમાં ૪૩.૨ મિલિયન ફોલોઅર્સ છે. આ ઉપરાંત સોશિયલ મીડિયા પર ટોપ-૫ નેતાઓના સંયુક્ત ફોલોઅર્સની સંખ્યા પીએમ મોદીની વ્યક્તિગત સંખ્યા કરતા ઓછી છે.

ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટોના ૧૫ મિલિયન ફોલોઅર્સ છે, બ્રાઝિલના રાષ્ટ્રપતિના ૧૪.૪ મિલિયન ફોલોઅર્સ છે, તુર્કીના રાષ્ટ્રપતિ તૈયપ એર્દોગનના ૧૧.૬ મિલિયન ફોલોઅર્સ છે અને આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જાવિઅર મેલાનિયાના ૬.૪ મિલિયન ફોલોઅર્સ છે. આ આંકડા દર્શાવે છે કે પીએમ મોદીની વિશ્વમાં કેટલી લોકપ્રિયતા છે.ભારતમાં પીએમ મોદીનું વર્ચસ્વ સ્પષ્ટપણે દેખાય છે. તેમના ફોલોઅર્સ અને અન્ય નેતાઓના ફોલોઅર્સ વચ્ચે મોટો તફાવત છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ૧૬.૧ મિલિયન ફોલોઅર્સ સાથે બીજા સ્થાને છે. તો કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી લગભગ ૧૨.૬ મિલિયન ફોલોઅર્સ સાથે ત્રીજા સ્થાને છે.

---

# વળતર મેળવવું હવે બનશે સરળ, રેલ્વે મંત્રીએ લોન્ચ કર્યું e-RCT પોર્ટલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે રેલવેમાં વળતર અંગે મોટી જાહેરાત કરી છે. રેલવેએ દાવાઓના ઝડપી અને પારદર્શક નિકાલ માટે પોતાની કામગીરીમાં ફેરફાર કરીને e-RCT (ઈલેક્ટ્રોનિક રેલવે ક્લેમ્સ ટ્રિબ્યુનલ) સિસ્ટમ શરૂ કરી છે.

આ નવું ડિજિટલ પ્લેટફોર્મ રેલવે અકસ્માતો, અણધારી ઘટનાઓ, માલસામાનનું નુકસાન અથવા ભાડાના વિવાદો અંગેના કેસોના ઉકેલને સરળ બનાવશે. અગાઉ આ મામલાઓમાં ફાઈલિંગથી માંડીને સુનાવણી સુધી ઘણી ઔપચારિકતાઓ અને સમય લાગતો હતો, પરંતુ હવે આખી સિસ્ટમ ઓનલાઈન થવાથી પ્રક્રિયા ઘણી ઝડપી અને અનુકૂળ બની ગઈ છે.

ભારતીય રેલવેમાં પારદર્શિતા અને મુસાફરોની સુવિધાઓ માટે ક્રાંતિકારી પગલું ભરતા ઈલેક્ટ્રોનિક રેલવે ક્લેમ્સ ટ્રિબ્યુનલની શરૂઆત કરવામાં આવી છે. તે સંપૂર્ણપણે ડિજિટલ મોડમાં કામ કરશે. જેના અંતર્ગત e-RCT સિસ્ટમની સૌથી મોટી વિશેષતા એ છે કે હવે કોઈપણ વ્યક્તિ ગમે ત્યારે અને ગમે ત્યાંથી પોતાનો દાવો ઓનલાઈન નોંધાવી શકે છે.

કેસ નોંધવામાં ચેકલિસ્ટ આધારિત સ્ક્રુટિની, દસ્તાવેજ અપલોડ, આપમેળે કેસ એલોકેશન અને નોટિસની ડિજિટલ કોપી જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. સુનાવણી માટે ઈ-હિયરિંગની સુવિધા પણ આપવામાં આવી છે, જેથી પક્ષકારોએ અદાલત આવવાની જરૂરિયાત નહીવત્ત થઈ જશે.

આ પ્લેટફોર્મ પર કેસની સંપૂર્ણ પ્રગતિ, એટલે કે ફાઈલિંગથી લઈને ચુકાદો આવે ત્યાં સુધીની વિગતો એક જ જગ્યાએ જોઈ શકાશે. રેલવેના જણાવ્યા અનુસાર, આ સિસ્ટમ માત્ર સમય જ નહીં બચાવે, પરંતુ કેસોના નિકાલને પારદર્શક અને વિશ્વસનીય પણ બનાવશે. અધિકારીઓનું માનવું છે કે e-RCT સિસ્ટમથી પેન્ડન્સી (બાકી કેસો) ઘટશે અને સામાન્ય જનતાને સાચા અર્થમાં રાહત મળશે.

આ અગાઉ રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ઈન્ટરનેટ અને ડિજિટલ સુરક્ષા પર પણ મહત્વનું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, પ્લેટફોર્મ્સે હવે જાગવું પડશે અને સમજવું પડશે કે માનવ સમાજે હજારો વર્ષોમાં જે સંસ્થાઓનું નિર્માણ કર્યું છે, તેમાં વિશ્વાસ મજબૂત કરવો કેટલો મહત્વપૂર્ણ છે. પ્લેટફોર્મ્સે તેમના દ્વારા હોસ્ટ કરવામાં આવતા કન્ટેન્ટની જવાબદારી લેવી પડશે. બાળકોની ઓનલાઈન સુરક્ષા અને તમામ નાગરિકોની ડિજિટલ સુરક્ષાની જવાબદારી પણ આ પ્લેટફોર્મ્સની છે.

ડિજિટલ ઈન્ડિયાના બદલાતા સ્વરૂપને જોતા રેલવે મંત્રીએ સ્પષ્ટ કર્યું કે, જો પ્લેટફોર્મ સુરક્ષાના ધોરણોનું પાલન નહીં કરે, તો તેમને જવાબદાર ગણવામાં આવશે. કોઈપણ વ્યક્તિના ચહેરા, અવાજ કે વ્યક્તિત્વનો ઉપયોગ તેની પરવાનગી વગર સિન્થેટિક કન્ટેન્ટ (AI જનરેટેડ) તૈયાર કરવા માટે ન થવો જોઈએ. હવે આ દિશામાં મોટો બદલાવ લાવવાનો સમય આવી ગયો છે. તેમણે પ્લેટફોર્મ્સને વિનંતી કરી કે તેઓ સમાજની આ પાયાની જરૂરિયાતને સમજે અને સહકાર આપે.

---

કાર્યકારિણીની બેઠકમાં લેવાયો નિર્ણય

# સુનેત્રા પવારને NCPના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે પસંદ કરાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રની રાજનીતિને લઈ સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. સુનેત્રા પવારને **Nationalist Congress Party (NCP)**ના નવા રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે સર્વાનુમતે પસંદ કરવામાં આવ્યા છે. આ નિર્ણય પાર્ટીની રાષ્ટ્રીય કાર્યકારિણી બેઠક અને વિશેષ અધિવેશન દરમિયાન લેવામાં આવ્યો હતો.



અધિવેશન દરમિયાન પાર્ટીના વરિષ્ઠ નેતા પ્રફુલ પટેલે ભાવુક ભાષણ આપ્યું. તેમણે જણાવ્યું કે, અજીત પવારના નિધન બાદ પાર્ટીમાં નેતૃત્વ અંગે અનેક અટકળો થઈ હતી, પરંતુ નેતાઓએ એકતા જાળવી રાખી. પ્રફુલ્લ પટેલે કહ્યું કે, બધા આગેવાનો સાથે ચર્ચા કરીને નવા અધ્યક્ષની પસંદગી માટે સંમેલન બોલાવવામાં આવ્યું હતું. તેમણે સુનેત્રા પવારનું નામ ઔપચારિક રીતે પ્રસ્તાવિત કર્યું, જેને હાજર તમામ પ્રતિનિધિઓએ સમર્થન આપ્યું. અંતે તેમને સર્વાનુમતે રાષ્ટ્રીય અધ્યક્ષ જાહેર કરવામાં આવ્યા. અજિત પવારના નિધન બાદ પાર્ટીમાં ખાલી જગ્યા ઊભી થઈ હતી. **NCP**ના વિવિધ વિભાગોના લગભગ ૩૦ જેટલા પ્રમુખોએ નેતૃત્વમાં સ્પષ્ટતા લાવવા માંગણી કરી હતી. તેઓએ કાર્યકારી નેતૃત્વને પત્ર લખીને સુનેત્રા પવારને આ જવાબદારી સોંપવાની વિનંતી કરી હતી. આજે આ માંગણીને સત્તાવાર સ્વીકાર મળી ગયો. સુનેત્રા પવાર તેમના પતિના અવસાન બાદ પણ સક્રિય રહી છે. ૩૧ જાન્યુઆરીએ તેમણે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા અને ત્યારથી રાજ્ય તથા પક્ષ માટે જવાબદારીઓ નિભાવી રહ્યા છે. પાર્ટીના નેતાઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે, નવા નેતૃત્વ હેઠળ **NCP** વધુ મજબૂત બનીને આગળ વધશે અને સંગઠનને નવી દિશા મળશે.

---

હવે કચેરીઓના ધક્કા ખાવાની જરૂર નથી!

# નેશનલ હાઈવે પર બિઝનેસ કરવા ઓનલાઈન મળશે NOC

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા હાઈવે પર મુસાફરી કરનારાઓ અને વેપારીઓ માટે એક મોટા સમાચાર સામે આવ્યા છે. નેશનલ હાઈવે પર પેટ્રોલ પંપ, ફૂડ કોર્ટ કે અન્ય સુવિધાઓ શરૂ કરવા માટે હવે વિવિધ સરકારી કચેરીઓના ધક્કા ખાવાની જરૂર નહીં પડે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ રાજમાર્ગ પ્રવેશ પોર્ટલનું અપગ્રેડેડ વર્ઝન લોન્ચ કર્યું છે. આ ડિજિટલ પ્લેટફોર્મની મદદથી હવે જરૂરી મંજૂરી મેળવવાની પ્રક્રિયા વધુ ઝડપી, પારદર્શક અને સરળ બનશે, જેનાથી સામાન્ય નાગરિકો અને ઉદ્યોગસાહસિકોના સમય અને શક્તિની બચત થશે.

આ પોર્ટલ ખાસ કરીને એવા લોકો અને સંસ્થાઓ માટે તૈયાર કરવામાં આવ્યું છે જેમને નેશનલ હાઈવે સાથે જોડાયેલા નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ**(NOC)** અથવા અન્ય પરવાનગીઓની જરૂર હોય છે. ભલે તમારે હાઈવેના કિનારે પેટ્રોલ પંપ ખોલવો હોય, ફૂડ કોર્ટ બનાવવો હોય કે કનેક્ટિંગ રોડ અને રેસ્ટ એરિયા જેવી સુવિધાઓ ઊભી કરવી હોય, હવે આ તમામ પ્રક્રિયાઓ એક જ પ્લેટફોર્મ પર ઓનલાઈન પૂર્ણ કરી શકાશે. આ સુવિધાનો લાભ સામાન્ય નાગરિકો, ખાનગી કંપનીઓ અને સરકારી વિભાગો એમ તમામ લઈ શકશે. વેપારીઓ ઉપરાંત ટેલિકોમ કંપનીઓ ઓપ્ટિકલ ફાઈબર કેબલ માટે તેમજ પાણી, ગેસ અને વીજળીની પાઈપલાઈન નાખવા માટે પણ આ પોર્ટલ દ્વારા અરજી કરી શકશે. પહેલા આ તમામ કાર્યો માટે અલગ-અલગ વિભાગોમાં જઈને દસ્તાવેજો જમા કરાવવા પડતા હતા, પરંતુ હવે અરજદારો પોતાની અરજીનું સ્ટેટસ ઓનલાઈન જોઈ શકશે અને નિયત સમય મર્યાદામાં તેનો જવાબ પણ મેળવી શકશે. ૧.૪૫ લાખ કિલોમીટરથી વધુ લાંબું ભારતનું નેશનલ હાઈવે નેટવર્ક હવે માત્ર રસ્તો જ નહીં, પરંતુ લોજિસ્ટિક્સ, રીટેલ અને હોસ્પિટાલિટીનું મોટું હબ બની રહ્યું છે, ત્યારે આ પોર્ટલ નાના વેપારીઓ અને મોટા પ્રોજેક્ટ્સ માટે આશીર્વાદરૂપ સાબિત થશે.



## તંત્રી લેખ......

### લોકશાહીનો પાયો, મતદાનનો અધિકાર

દેશમાં અભૂતપૂર્વ કોર્ટનો નિર્ણય જોવા મળ્યો. સુપ્રીમ કોર્ટે બંગાળમાં મતદાર યાદી સંબંધિત વિવાદિત દાવાઓના ઉકેલ માટે ન્યાયિક અધિકારીઓની મદદ લેવા માટે ઐતિહાસિક આદેશ જારી કર્યો. રાજ્ય સરકાર અને ચૂંટણી પંચ વચ્ચે ચાલી રહેલા મડાગાંઠને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે આ નિર્ણય જારી કર્યો. પાછળથી, તેમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે, જો જરૂરી હોય તો, બંગાળમાં મતદાર યાદી સંબંધિત દાવાઓ અને વાંધાઓનો નિર્ણય લેવા માટે ઓડિશા અને ઝારખંડના ન્યાયિક અધિકારીઓને તૈનાત કરી શકાય છે.

આ હસ્તક્ષેપ ફક્ત વહીવટી પ્રક્રિયાને ઝડપી બનાવવા માટેનો એક ઉપાય નથી, પરંતુ લોકશાહીની ભાવનાને સુરક્ષિત રાખવા માટે એક બંધારણીય પ્રતિબદ્ધતા છે, જે દરેક નાગરિક માટે મતદાન કરવાના મુક્ત અને સુરક્ષિત અધિકાર પર આધારિત છે. જ્યારે મતદાર યાદી જેવા મૂળભૂત દસ્તાવેજની અખંડિતતા પર પ્રશ્ન ઉઠાવવામાં આવે છે, અને લાખો નાગરિકોની લોકશાહી ઓળખ જોખમમાં હોય છે, ત્યારે આ ન્યાયિક હસ્તક્ષેપ લોકશાહીની વિશ્વસનીયતા પુનઃસ્થાપિત કરવા માટે એક નિર્ણાયક પ્રયાસ બની જાય છે.

લોકશાહીની સાચી શક્તિ ચૂંટણીઓમાં નથી, પરંતુ તે વિશ્વાસમાં રહેલી છે જેની સાથે નાગરિકો ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લે છે. આ વિશ્વાસ મતદાર યાદીથી શરૂ થાય છે. મતદાર યાદી ફક્ત નામોનો સંગ્રહ નથી, પરંતુ નાગરિકની બંધારણીય ઓળખનો પુરાવો છે. જો કોઈ પાત્ર નાગરિકનું નામ યાદીમાંથી ગાયબ હોય, તો તેઓ મતદાનના તેમના અધિકારથી વંચિત રહે છે, અને જો કોઈ અયોગ્ય વ્યક્તિનો સમાવેશ થાય છે, તો તે ચૂંટણીની નિષ્પક્ષતાને અસર કરે છે. તેથી, મતદાર યાદીની શુદ્ધતા લોકશાહીની કાયદેસરતા માટે મૂળભૂત છે.

લક્ષ્મી ચરણ સેન વિરુદ્ધ એકેએમ હસન (૧૯૮૫) કેસમાં પોતાના ઐતિહાસિક ચુકાદામાં, સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે મતદાર યાદીઓની ચોકસાઈ એ ચૂંટણીની કાયદેસરતાનો પાયો છે અને તેને સુનિશ્ચિત કરવી એ લોકશાહી વ્યવસ્થાની આવશ્યક શરત છે. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે મતદાર યાદીઓમાં ભૂલો ફક્ત વહીવટી ભૂલો નથી પરંતુ લોકશાહીની વિશ્વસનીયતાને અસર કરી શકે છે. બંગાળમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન દરમિયાન આશરે ૪.૫ મિલિયન વિવાદિત મતદાતા દાવાઓનું પેન્ડિંગ આ સંવેદનશીલ મુદ્દાની ગંભીરતા પર ભાર મૂકે છે.

ભારતીય બંધારણની કલમ ૩૨૬ દરેક પુખ્ત નાગરિકને મતદાન કરવાનો અધિકાર આપે છે, જે લોકશાહીમાં તેમની સાર્વભૌમત્વની અભિવ્યક્તિ છે. કલમ ૩૨૪ ચૂંટણી પંચને ચૂંટણી પ્રક્રિયા મુક્ત અને ન્યાયી રહે તે સુનિશ્ચિત કરવા માટે ચૂંટણીઓનું સંચાલન, નિર્દેશન અને નિયંત્રણ કરવાની સત્તા આપે છે. જો કે, આ બંધારણીય જોગવાઈઓની સાચી અસરકારકતા ત્યારે જ શક્ય છે જ્યારે મતદાર યાદી સંપૂર્ણપણે સચોટ, અદ્યતન અને વિશ્વસનીય હોય. જો આ પાયો ખામીયુક્ત હોય, તો લોકશાહીનું સમગ્ર માળખું જોખમાય છે. આ સંદર્ભમાં, સુપ્રીમ કોર્ટનો હસ્તક્ષેપ બંધારણના અનુચ્છેદ ૩૨ અને ૧૪૨ હેઠળ તેની બંધારણીય સત્તાઓનો એક મહત્વપૂર્ણ ઉપયોગ છે.

કલમ ૩૨ સુપ્રીમ કોર્ટને નાગરિકોના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવા માટે સીધી હસ્તક્ષેપ કરવાની સત્તા આપે છે, જ્યારે કલમ ૧૪૨ કોર્ટને "સંપૂર્ણ ન્યાય" સુનિશ્ચિત કરવા માટે જરૂરી નિર્દેશો જારી કરવાની સત્તા આપે છે. આ જોગવાઈઓનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે જ્યારે બંધારણીય અધિકારોનું રક્ષણ કરવા માટે અસાધારણ પગલાં લેવાની જરૂર હોય ત્યારે ન્યાયતંત્ર અસરકારક અને નિર્ણાયક ભૂમિકા ભજવી શકે. ન્યાયિક અધિકારીઓને સહાય પૂરી પાડવાનો નિર્ણય આ બંધારણીય જવાબદારીનું અભિવ્યક્તિ છે. આ હસ્તક્ષેપનું એક મહત્વપૂર્ણ પાસું એ છે કે તે મતદાર યાદી સુધારણા પ્રક્રિયાને વહીવટી વિવેકબુદ્ધિથી ઉન્નત કરે છે અને તેને ન્યાયિક વિશ્વસનીયતા આપે છે. ન્યાયિક અધિકારીઓ, તેમની કાનૂની કુશળતાને કારણે, આવા સંવેદનશીલ કાર્ય માટે શ્રેષ્ઠ રીતે યોગ્ય છે.

# ધારાસભ્યોના આબરૂના કાંકરા : ૪૫ હજાર ઠાકોર સમાજના લોકોનો મામલો પણ મંત્રીએ માત્ર ધારાસભ્યોને સુચન હોવાનુ કહી જવાબ ન આપ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભામાં હાલ પ્રશ્નોત્તરીકાળ ચાલી રહ્યો છે. બજેટસત્ર દરમિયાન પ્રશ્નોત્તરીકાળમાં આજે ઠાકોર અને કોળી સમાજના વિકાસ માટે અપાતી લોનનો મુદ્દો ગાજયો હતો. ઠાકોર સમાજના અગ્રણી નેતાઓ અને ધારાસભ્યો દ્વારા પ્રોપર્ટીકાર્ડ પર બોજો પાડયા વગર લોન આપવાની રજુઆત કરવામાં આવી હતી. જેને રાજય સરકારે હાલના તબકકે સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો હતો. ગુજરાત વિધાનસભા ગૃહમાં આ મુદ્દે અપક્ષ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા અને ભાજપના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે આક્રમક રીતે રજુઆત કરી હતી. અલ્પેશ ઠાકોરે સરકારનુ ધ્યાન દોરતા જણાવ્યુ હતુ કે ગરીબ અને મધ્યમવર્ગના ઠાકોર અને કોળી સમાજના લોકો જયારે ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ પાસે નાની મોટી લોન માટે અરજી કરે છે ત્યારે તેમને અનેક વહિવટી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. માત્ર ૧૦ હજાર રૂપીયા જેવી નજીવી રકમની લોન લેવા માટે પણ લાભાર્થીએ પોતાની રૂપીયા ૨ લાખ કે તેથી વધુની ની કિંમતની મિલ્કત (પ્રોપર્ટી કાર્ડ ) પર સરકારનો બોજો નોંધાવવો પડે છે, આ પ્રક્રિયા અત્યંત જટીલ છે અને ગરીબ માણસ માટે પોતાની મિલ્કત ગીરો મુકવા સમાન છે જે અન્યાયી છે. ગુજરાત ના ધારાસભ્યોની આ રજુઆત સામે સરકારના રાજય કક્ષાના મંત્રી મનીષા વકીલે સરકારનો પક્ષ રાખતા સ્પષ્ટ કહ્યુ હતુ કે લોન આપવાની પ્રક્રિયા પારદર્શક અને નિયમબધ્ધ હોવી જરૂરી છે. તેના જવાબમાં નિગમ પાસે આવતી તમામ લોન અરજીઓનો સમયસર નિકાલ કરવામાં આવે છે. કોઈપણ નાણાંકીય સહાય કે લોન આપવા માટે જરૂરી કાગળો અને સુરક્ષા અનિવાર્ય છે. પ્રોપર્ટી કાર્ડ પર બોજો પાડવો જરૂરી છે. પરંતુ તે મિલ્કત લોન લેનારની પોતાની હોય તે જરૂરી નથી, જો કોઈ જામીનદાર (સાક્ષી) પોતાની પ્રોપર્ટી આપવા તૈયાર હોય તો તેના કાર્ડ પર પણ બોજો પાડીને લોન આપવામાં આવે છે. મનીષા વકીલે વધુમાં જણાવ્યુ હતુ કે રાજય સરકારની પ્રાથમિકતા નિયમોનુ પાલન કરવાની છે. લોન માટે જરૂરી સીકયુરીટી આપવી જ પડે છે, અલ્પેશ ઠાકોરે ગૃહમાં સરકારને નમ્ર વિનંતી કરી હતી કે આ પ્રક્રિયામાં સુધારો કરી ગરીબલક્ષી નીતિ બનાવવામાં આવે , જેથી સામાન્ય માણસ બોજાની બીક વગર લોન લઈ શકે, જો કે મંત્રીએ આ રજુઆતને માત્ર એક સુચન તરીકે ગણાવી હતી અને ભવિષ્યમાં કોઈ ચોકકસ ફેરફાર કરવાની ખાત્રી આપવાનુ ટાળ્યુ હતું. આ ઘટનાને પગલે રાજકીય વર્તુળોમાં ચર્ચા થઈ છે કે શું સરકાર આગામી સમયમાં પછાત વર્ગો માટે લોન પ્રક્રિયા સરળ બનાવશે કે પછી બોજાની આ પ્રથા ચાલુ રહેશે ? નોંધનીય છે કે




ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ દ્વારા કોળી અને ઠાકોર સમુદાય માટે વિવિધ સ્વરોજગાર અને શૈક્ષણિક લોન યોજનાઓ ચલાવવામાં આવે છે. વાર્ષિક આવક મર્યાદા ૩ લાખ સુધી છે, અરજીઓ ગુજરાત સરકારની વેબસાઈટ પરથી ઓનલાઈન કરી શકાય છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મૂલાકાતે લકઝમબર્ગના ગ્રાન્ડ ડચીના નાણાં મંત્રી શ્રી ગિલિસ રોથ અને ડેલિગેશન





મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મૂલાકાત લકઝમબર્ગના ગ્રાન્ડ ડચીના નાણાં મંત્રી શ્રી ગિલિસ રોથ અને ડેલિગેશને ગાંધીનગરમાં લીધી હતી. લકઝમબર્ગ ૧૧૫ બેંક્સ સાથે ૮ ટ્રીલિયન યુરોનું રોકાણ એસેટ મેનેજમેન્ટમાં અને ૮૦ જેટલા દેશોમાં ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાયનાંન્સિયલ સર્વિસસમાં પ્રેઝન્સ ધરાવે છે આ સંદર્ભમાં તેમણે ભારત-ગુજરાત સાથે નાણાંકિય સંબંધો વિસ્તારવા માટેની ઉત્સુકતા દર્શાવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ બેઠકની ચર્ચાઓ દરમિયાન જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત પ્રુડન્ટ ફાયનાંન્સિયલ મેનેજમેન્ટ ધરાવતું રાજ્ય છે. એટલું જ નહિ, ગ્રીન એનર્જી, ગ્રીન ફાયનાંન્સિગ તથા ગ્રીન ગ્રોથમાં લિડ લેવા સજ્જ છે તે સંદર્ભમાં લકઝમબર્ગની ગ્રીન બોન્ડ અને ગ્રીન ફાયનાંન્સિગ ક્ષેત્રની તજજ્ઞતાનો લાભ રાજ્યને મળે તે માટે તેમણે ચર્ચા-વિચારણાઓ કરી હતી. તેમણે વડાપ્રધાનશ્રીએ રિન્યુએબલ-ગ્રીન એનર્જી અને મિશન લાઈફ દ્વારા પર્યાવરણ અનુકુલ જીવન શૈલી સાથે ગ્રીન ગ્રોથનો જે વિચાર આપ્યો છે તેને મ્યુનિસિપલ ગ્રીન બોન્ડ્સ તથા લોંગટર્મ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટથી સાકાર કરી શકાય તે માટે પણ પરસ્પર સહયોગની સંભાવનાઓ ચકાસવા અનુરોધ કર્યો હતો.લકઝમબર્ગના નાણાં મંત્રી શ્રી ગિલિસ રોથે જણાવ્યું કે, ગિફ્ટ સિટીમાં IFSCA અને લકઝમબર્ગના CSSF વચ્ચે થયેલા એમ.ઓ.યુ. દ્વારા ભારત અને લકઝમબર્ગનો નાણાંકિય સહયોગ વધુ મજબૂત બન્યો છે અને ગુજરાતની ગ્લોબલ ફાયનાંન્સિયલ કનેક્ટિવિટીમાં પણ વધારો થયો છે. શ્રીયુત ગિલિસ રોથે ગિફ્ટ સિટીમાં ઈન્ટરનેશનલ ફાયનાંન્સીંગ સેક્ટરમાં વધુ રોકાણો માટે લેકઝમબર્ગની ઉત્સુકતા દર્શાવી હતી.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે લકઝમબર્ગના પ્રતિનિધિ મંડળને આગામી જાન્યુઆરી-૨૦૨૭માં યોજાનારી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ તથા એપ્રીલ-૨૦૨૬ તથા જૂન-૨૦૨૬માં યોજાનારી સાઉથ અને સેન્ટ્રલ ગુજરાતની વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં જોડાવા માટેનું આમંત્રણ પણ પાઠવ્યું હતું.લકઝમબર્ગના ફાયનાન્સ મિનિસ્ટર શ્રીયુત ગિલિસ રોથે મુખ્યમંત્રીશ્રી અને ગુજરાત સરકારના પ્રતિનિધી મંડળને લકઝમબર્ગ ગ્રાન્ડ ડચીની મુલાકાતે આવવાનું ભાવભર્યુ આમંત્રણ આપ્યું હતું.આ સૌજન્ય મુલાકાત બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, ઉદ્યોગ કમિશનર શ્રી પી. સ્વરૂપ તથા મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ ડૉ. વિક્રાંત પાંડે પણ સહભાગી થયા હતાં.

## સાબરમતી સ્ટેશન પર રીડેવલપમેન્ટ કાર્ય અંતર્ગત બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત

અમદાવાદ મંડળના સાબરમતી સ્ટેશન પર રીડેવલપમેન્ટ કાર્ય અંતર્ગત પ્લેટફોર્મ નં. ૦૧ પર એન્જિનિયરિંગ કામ માટે ૨૭-૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન બ્લોક લેવામાં આવ્યો છે. જેના કારણે કેટલીક પેસેન્જર ટ્રેનો પ્રભાવિત રહેશે.આંશિક રદ ટ્રેન


● ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ની ટ્રેન સંખ્યા ૧૪૮૨૧ જોધપુર–સાબરમતી એક્સપ્રેસ આબુ રોડ–સાબરમતી વચ્ચે આંશિક રદ રહેશે.

● ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ની ટ્રેન સંખ્યા ૧૪૮૨૨ સાબરમતી–જોધપુર એક્સપ્રેસ સાબરમતી–આબુ રોડ વચ્ચે આંશિક રદ રહેશે.

સંપૂર્ણ રદ ટ્રેનો : ● ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ની ટ્રેન સંખ્યા ૭૯૪૩૫/ ૭૯૪૩૬ સાબરમતી–પાટણ–સાબરમતી ડેમુ રદ રહેશે.

● ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ની ટ્રેન સંખ્યા ૬૯૨૪૯/૬૯૨૫૦ સાબરમતી–કાટોસણ રોડ–સાબરમતી મેમુ રદ રહેશે.

## ગુજરાતી ભાષાની “ઘોર” ખોદતા પેઈન્ટરો




સદર તસવીરમાં દેશના સન્માનીય વડાપ્રધાને કરેલા GST ઘટાડાથી થયેલી વ્યક્તિગત આરોગ્ય અને જીવનવીમા સસ્તા થતાંની થયેલી બચત અંગે આભાર માનતા હોર્ડીંગ “GST બચત ઉત્સવ” લખીને હોર્ડીંગ બનાવનાર પેઈન્ટરે ગુજરાતી ભાષાના અજ્ઞાનને કારણે “ઉત્સવ” ને બદલે “ઉતસવ” લખીને ગુજરાતી ભાષાનું અપમાન સાથે બુધ્ધિનું દેવાળું ફૂંકયું હોય એવું લાગી રહ્યું છે. - (તસવીર અને અહેવાલ છગનલાલ મેવાડા)

# મંત્રીઓ અને ધારાસભ્યોના માન સન્માનમાં ચુક થઈ તો અધિકારીઓની ખેર નહી : પ્રોટોકોલ મામલે બહાર પાડયો પરીપત્ર

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકારે મંત્રીઓ અને ધારાસભ્યોના પ્રોટોકોલ સંબંધીત મુદ્દે કડક વલણ દાખવતા મહત્વપૂર્ણ પરીપત્ર બહાર પાડયો છે. પરીપત્રમાં સ્પષ્ટ સુચના આપવામાં આવી છે કે મંત્રીઓ અને ધારાસભ્યો જેવા જનપ્રતિનિધિઓ સાથે સરકારી અધિકારીઓ અને કર્મચારીઓએ યોગ્ય વિવેકપૂર્ણ અને સન્માનસભર વર્તન રાખવુ ફરજીયાત છે, પરંતુ રાજયની વડી કચેરીઓ સહિત જિલ્લાની કચેરીઓમાં હાલમાં પણ વિભાગના મંત્રીઓ, ધારાસભ્યો અને જન પ્રતિનિધિઓના ભલામણપત્રો ધુળ ખાઈ રહ્યા છે. હાલમાં જ સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારીની કચેરીમાં પ્રભારી મંત્રી નો ભલામણપત્ર છેલ્લા ૬ મહિનાથી ધુળ ખાઈ રહ્યો છે. ત્યારે શું સામાન્ય વહિવટ વિભાગ જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરશે ખરા તે એક મોટો સવાલ મંત્રીઓ અને ધારાસભ્યોમાં ઉઠી રહ્યો છે. રાજય સરકાર દ્વારા યોજાતા કાર્યક્રમોમાં તેમને આમંત્રણ આપવુ, આમંત્રણ પત્રિકામાં તેમનુ નામ યોગ્ય રીતે દર્શાવવુ અને બેઠક વ્યવસ્થા પ્રોટોકોલ મુજબ જાળવવી અનિવાર્ય ગણવામાં આવી છે. મંત્રીઓ અને ધારાસભ્યના માન સન્માનમાં ચુક થઈ તો અધિકારીઓની ખેર નથી, આ પરીપત્ર માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે અગાઉ

**પરંતુ અહીંયા તો સન્માનની વાત તો દુર રહી પરંતુ હાલમાં સમગ્ર રાજયની સરકારી કચેરીઓમાં મંત્રીઓ અને ધારાસભ્યોના ભલામણપત્રો ધુળ ખાઈ રહ્યા છે**



પણ આ બાબતે સુચનાઓ આપવામાં આવી હતી છતાં અમલમાં ખામી રહેતી હોવાનો અનુભવ થયો છે. કારણ કે કેટલાક અધિકારીઓ હોતી હૈ ચલતી હૈ જેવી નીતિ અખત્યાર કરતા હોવાની ફરીયાદો ઉઠી રહી છે. સામાન્ય વહિવટ વિભાગ પરીપત્ર બહાર પાડે પરંતુ તેનો અમલ માત્ર ૪ દિવસ પુરતો જ હોય છે. બાકી તો બધુ જૈ સૈ થૈ મુજબ જ કામગીરી થતી હોય છે. જાહેર હિસાબ સમિતિએ પણ સમયાંતરે આ મુદ્દે નોંધ લીધી હોવાનુ જણાવાયુ છે. નવી સુચનાઓ મુજબ મંત્રીઓના જિલ્લા પ્રવાસ દરમિયાન તેમને ગરીમાપૂર્ણ આવકાર આપવામાં આવવો જોઈએ , જિલ્લા વહિવટી તંત્ર દ્વારા યોજાતા સરકારી કાર્યક્રમોમાં સંબંધીત જિલ્લાના પ્રભારી મંત્રીને સંકલનમાં રાખીને આયોજન કરવુ જરૂરી રહેશે. મંત્રીઓ અને ધારાસભ્યોના પ્રોટોકોલ મામલે બહાર પાડવામાં આવ્યો છે પરીપત્ર જેનો અમલ થાય તો ખરા નહી તો પરીપત્ર માત્ર કાગળ ઉપર જ સીમીત રહે તેવુ લોકો કહી રહ્યા છે. જન પ્રતિનિધિઓ જયારે જાહેર કાર્યક્રમોમાં અથવા સરકારી કચેરીઓની મુલાકાતે આવે ત્યારે અધિકારીઓએ તેમનુ માન જળવાય તે રીતે વર્તવુ તેમને રાહ ન જોવડાવવી અને તેમની રજુઆતો ધ્યાનપૂર્વક સાંભળવી ફરજીયાત રહેશે. તેમજ તેમણે મોકલેલા ભલામણપત્ર નુ કામ ઝડપી પૂર્ણ કરવુ જોઈએ, સરકારે ચેતવણી આપી છે કે પરીપત્રની સુચનાઓનો ભંગ ગંભીર માનવામાં આવશે અને જવાબદાર અધિકારીઓ વિરૂધ્ધ નિયમ મુજબ પગલા લેવામાં આવશે તેથી હવે મંત્રીઓ અને ધારાસભ્યોના માન સન્માનમાં ચુક થશે તો સંબંધીત અધિકારીઓ વિરૂધ્ધ કાર્યવાહી નિશ્ચિત ગણાશે.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

# સાણંદ GIDCમાં પ્રીમિયમ હોટલ બનાવવા માટે પ્લોટની હરાજી પૂર્ણ, ૫ એકર જેટલી જમીન ડેવલપરને ફાળવાઈ

સાણંદ ઔદ્યોગિક વસાહતમાં કાર્યરત નેશનલ અને મલ્ટીનેશનલ કંપનીઓ માટે સુવિધાઓમાં વધારો કરવાના ઉદ્દેશથી, હોટલ નિર્માણ માટે પ્લોટની હરાજી પૂર્ણ કરવામાં આવી છે. સાણંદ-૨ ઔદ્યોગિક વસાહતમાં ૨૦૧૬૮.૫૪ ચોરસ મીટર (અંદાજિત ૫ એકર) જેટલો પ્લોટ વિશેષ રીતે પ્રીમિયમ હોટલ નિર્માણ માટે રિઝર્વ કરવામાં આવ્યો હતો જેની હરાજી ૨૨ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ પૂર્ણ કરવામાં આવી છે. આ ઈ-હરાજીમાં મહત્તમ બીડ સાથેના ડેવલપરને નિયમોનુસાર પ્લૉટની ફાળવણી કરવામાં આવી છે.

૩ થી ૫ સ્ટાર હોટલના નિર્માણની કામગીરી શરૂ કરવા માટે કંપનીને ચાર વર્ષનો મોરિટોરિયમ પીરિયડ આપવામાં આવ્યો છે. આ હોટલ સિવાય સાણંદ ઔદ્યોગિક વસાહતની ૩ કિલોમીટર નજીક એક ફાઈવ સ્ટાર હોટલ નિર્માણની કામગીરી પણ પ્રગતિમાં છે. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સાણંદ ઔદ્યોગિક વસાહતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી માઈક્રોન ટેક્નોલોજીના અદ્યતન સેમિકન્ડક્ટર પ્લાન્ટનો શુભારંભ કરાવશે. આ પ્રકારની વિવિધ મલ્ટીનેશનલ કંપનીઓની હાજરી હોવાથી, અહીં મુલાકાતે આવતા ડેલિગેટ્સ અને કર્મચારીઓને રહેવા માટે આ હોટલની સુવિધા મહત્વપૂર્ણ બનશે.

રાજ્યમાં ઉદ્યોગોની જરૂરિયાતને અનુરૂપ સામાજિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ માટે પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સઘન પ્રયાસો ચાલી રહ્યા છે.

સાણંદ ઔદ્યોગિક વસાહતમાં ઉદ્યોગોની સુવિધા માટે અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવામાં આવ્યું છે. અહીં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવ્યવસ્થિત કનેક્ટિવિટી હોવાથી ઉદ્યોગોનો સતત વિકાસ થઇ રહ્યો છે. અત્યારે સાણંદ ઔદ્યોગિક વસાહતમાં ૧૧૫૦ ઔદ્યોગિક એકમો કાર્યરત છે. સાણંદમાં મહિલાઓ માટે સમર્પિત મહિલા ઔદ્યોગિક પાર્ક બનાવવામાં આવ્યો છે, જેના દ્વારા મહિલાઓને સશક્ત બનાવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. રાજ્ય સરકારે ઉદ્યોગો માટે અનુકૂળ નીતિઓ બનાવીને ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસના વિઝનને ચરિતાર્થ કર્યું છે.

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોનું-મિની વાયદો રૂ.૧.૫૬ લાખ અને ચાંદી વાયદો રૂ.૨.૫૫ લાખના સ્તર સુધી ગબડ્યો: ક્રૂડ તેલમાં સેંકડા ઘટ્યા

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૪૩૬૭.૦૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૯૮૬૮૪.૮૯ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૦૦૪૬.૩૩ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૯૭૫૦ પોઈન્ટના સ્તરે


મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૩૨૩૦૫૨.૨૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૪૩૬૭.૦૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૨૯૮૬૮૪.૮૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ માર્ચ વાયદો ૩૯૭૫૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૭૯૩.૬૬ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૦૦૪૬.૩૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૦૫૩૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૦૮૫૮ અને નીચામાં રૂ.૧૫૯૧૦૬ના સ્તરને સ્પર્શી, રૂ.૧૬૧૧૪૫ના આગલા બંધ સામે રૂ.૧૯૮૩ના ભાવઘટાડા સાથે રૂ.૧૫૯૧૬૨ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૨૧૦ ઘટી રૂ.૧૨૯૫૭૧ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૩૬ ઘટી રૂ.૧૬૩૨૪ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૮૪૨૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૮૫૧૦ અને નીચામાં રૂ.૧૫૬૮૭૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૯૪૯ના ભાવઘટાડા સાથે રૂ.૧૫૬૯૬૯ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૦૯૯૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૧૩૦૯ અને નીચામાં રૂ.૧૫૯૭૬૯ના મથાળે અથડાઈ, રૂ.૧૬૧૫૧૭ના આગલા બંધ સામે રૂ.૧૬૬૮ ઘટી રૂ.૧૫૯૮૪૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૬૪૩૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૬૬૮૦૦ અને નીચામાં રૂ.૨૫૫૧૭૨ના મથાળે અથડાઈ, રૂ.૨૬૮૩૧૬ના આગલા બંધ સામે રૂ.૯૪૪૯ના ભાવઘટાડા સાથે રૂ.૨૫૮૮૬૭ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૧૧૬૫૫ ઘટી રૂ.૨૬૯૭૫૦ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૧૧૫૦૯ ઘટી રૂ.૨૬૯૮૯૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૫૩૯.૯૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.૮.૮૫ ઘટી રૂ.૧૨૦૨.૫ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ વાયદો રૂ.૨.૬ ઘટી રૂ.૩૨૫.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો રૂ.૧.૮ ઘટી રૂ.૩૧૧.૩૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું માર્ચ વાયદો રૂ.૧.૦૫ ઘટી રૂ.૧૮૮.૯ના ભાવે બોલાયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૬૭૪.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૦૭૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૦૯૨ અને નીચામાં રૂ.૩૯૯૧ના મથાળે અથડાઈ, રૂ.૭૩ ઘટી રૂ.૪૦૦૨ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો બેરલદીઠ રૂ.૫૯૭૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૯૮૩ અને નીચામાં રૂ.૫૮૫૬ના મથાળે અથડાઈ, રૂ.૫૯૮૯ના આગલા બંધ સામે રૂ.૧૧૯ ઘટી રૂ.૫૮૭૦ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૧૧૬ ઘટી રૂ.૫૮૭૧ થયો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૯.૫ ઘટી રૂ.૨૫૫ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.૯.૬ ઘટી રૂ.૨૫૫.૧ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૬૧.૧ના ભાવે ખૂલી, રૂ.૩.૭ ઘટી રૂ.૯૫૭ થયો હતો. કોટન ફેબ્રુઆરી વાયદો રૂ.૬૫૦ ઘટી રૂ.૨૫૦૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૫૨૦ના ભાવે ખૂલી, રૂ.૪ વધી રૂ.૨૫૨૦ના સ્તરે પહોંચ્યો હતો.




કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૯૮૨૩.૩૫ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૦૨૨૨.૯૮ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૨૧૪૩.૯૬ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૫૦.૨૮ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૫.૭૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૨૬.૪૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૨૫.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૬૮૩.૬૮ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૯૬૫.૧૫ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૧.૦૦ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૧૩ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૩૮ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૩૮૫ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૭૪૬૯૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૯૫૫૩ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૬૬૮૨૩ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૦૯૧૭ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૯૭૨૪ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૭૦૫૬ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૫૮૯૦૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૨૧૦૫ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૭૫૧ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૦૧૮૩ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ માર્ચ વાયદો ૩૯૭૫૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૯૭૫૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૯૭૫૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૪૩૦ પોઈન્ટ ઘટી ૩૯૭૫૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૯.૨ ઘટી રૂ.૨૭૧.૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૭ ઘટી રૂ.૧૪.૮૫ના ભાવે બોલાયો હતો. સોનું ફેબ્રુઆરી રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૬૪ ઘટી રૂ.૬૮૦ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૪૩૮ ઘટી રૂ.૧૧૮૫૬.૫ થયો હતો. તાંબું માર્ચ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૭૯ ઘટી રૂ.૪૧.૦૧ થયો હતો. જસત માર્ચ રૂ.૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૮૬ પૈસા ઘટી રૂ.૩.૬૪ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૮.૪૫ ઘટી રૂ.૨૭૫.૭ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૨ ઘટી રૂ.૧૫.૩૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૧૧.૫ ઘટી રૂ.૭૨ થયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૧૦૦ ઘટી રૂ.૧૨૬૨૮ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૫૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૬૪ વધી રૂ.૩૪૦.૫ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૫.૫ વધી રૂ.૨૦.૪ થયો હતો. સોનું ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪ ઘટી રૂ.૪૪ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૨૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૧૩૦.૫ વધી રૂ.૧૯૦૦૦ થયો હતો. તાંબું માર્ચ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૨૧ વધી રૂ.૩૭.૨૪ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૩૧૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૩૯ પૈસા વધી રૂ.૩.૪૯ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૬.૭૫ વધી રૂ.૩૩.૮૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૫.૫૫ વધી રૂ.૨૦.૩૫ થયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૧૫૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૯૦ વધી રૂ.૭૨૦ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૨૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૩૯૨ વધી રૂ.૨૨૩૦૮ના ભાવે બોલાયો હતો.

# બંધારણ સામે સત્તાનો નશો કંઈ ન ચાલ્યો: ઠાકોર સમાજનુ બંધારણ તોડવા બદલ ભાજપના પૂર્વ જિલ્લા પ્રમુખને ૧.૫૧ લાખનો દંડ

## ભાજપના પૂર્વ પ્રમુખ દશરથજી ઠાકોરને દંડ ફટકારાયો: દાતરવાડા સમિતિ તેમજ આગવાનો દ્વારા ૧.૫૧ લાખનો દંડ

પ્રતિનિધિ,ગાંધીનગર

પાટણ જિલ્લાના હારીજમાં ઠાકોર સમાજના સામાજિક બંધારણ ના ઉલ્લંઘનનો મોટો કિસ્સો બહાર આવ્યો છે. જેમાં સત્તાના નશામાં ભાજપના પૂર્વ જિલ્લા પ્રમુખે ઠાકોર સમાજના બંધારણનુ ઉલ્લંઘન કર્યુ હતુ, જેને લઈ ઠાકોર સમાજે રૂપીયા ૧.૫૧ લાખનો દંડ ફટકાર્યો છે,




ઠાકોર સમાજની દાતરવાડા ગામ સમિતિ અને સમાજના અગ્રણીઓએ એક મહત્વપૂર્ણ બેઠક યોજીને ભાજપના પૂર્વ જિલ્લા પ્રમુખ દશરથજી ઠાકોરને રૂપીયા ૧.૫૧ લાખનો દંડ ફટકાર્યો છે. તાજેતરમાં હારીજમાં દશરથજી ઠાકોર ના પુત્રના લગ્ન પ્રસંગનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે રાખવામાં આવેલ શાહી કંકોત્રી, ભવ્ય રીસેપ્શન અને જમણવારના વિડીયો સોશીયલ મીડીયામા વાયરલ થયા હતા. ઠાકોર સમાજ દ્વારા સામાજિક સુધારા માટે બનાવવામાં આવેલા કડક બંધારણના નિયમોનુ સરેઆમ ઉલ્લંઘન થયુ હોવાનુ બહાર આવ્યુ હતું. હારીજ ખાતે યોજાયેલી ઠાકોર સમાજની એક વિશાળ સભામાં સામાજિક શિસ્તના ભંગ બદલ કડક વલણ અપનાવવામાં આવ્યુ હતું. અગાઉ મગનજી ઠાકોર વિરૂધ્ધ થયેલી કાર્યવાહીને અનુસરીને હવે ભાજપના પૂર્વ જિલ્લા પ્રમુખ દશરથજી ઠાકોરને પણ સમાજના નિર્ધારીત બંધારણ અને નિયમોનુ પાલન ન કરવા બદલ દંડિત કરવામાં આવ્યા છે.

દિકરાના લગ્ન પ્રસંગે સમાજના ધારાધોરણોના ભંગ બદલ સમાજમાં ભારે રોષની લાગણી જોવા મળી હતી. જેના પરીણામે દાતરવાડા ગામ સમિતિ અને સમાજના આગેવાનોએ સાથે મળીને દશરથજી ઠાકોરને રૂપીયા ૧.૫૧ લાખ રૂપીયાનો રોકડ દંડ ફટકાર્યો છે. સમાજ દ્વારા લેવામાં આવેલા આ મહત્વપૂર્ણ નિર્ણય મુજબ વસુલવામાં આવેલી દંડની આ રકમનો અંગત ઉપયોગ કરવાને બદલે તેને સમાજના હિતમાં વાપરવાનુ નકકી કરાયુ છે. આ રકમનો ઉપયોગ સામાજિક ઉત્થાન અને શૈક્ષણિક સેવાકીય પ્રવૃત્તિઓ માટે કરવામાં આવશે. જેથી સમાજના ગરીબ અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને મદદ મળી રહે, સમાજની આ કાર્યવાહીથી સ્પષ્ટ સંદેશ ગયો છે કે સામાજિક બંધારણ સર્વોપરી છે અને તેનુ ઉલ્લંઘન કરનાર કોઈપણ રાજકીય સત્તાધારી હોય કે વિપક્ષનો નેતા હોય, ભલે ગમે તેટલી વગ ધરાવતી વ્યકિત હોય તેને છોડવામાં આવશે નહી, ઠાકોર સમાજ દ્વારા ખોટા ખર્ચાઓ રોકવા અને સાદગીપૂર્ણ લગ્ન પ્રસંગો યોજવા માટે એક બંધારણ અમલમાં મુકવામાં આવ્યુ છે. આ કિસ્સાએ સાબિત કર્યુ છે કે સમાજનો હોદ્દો કે રાજકીય વગ ગમે તેટલી હોય પણ સામાજિક નિયમો દરેક માટે સમાન છે. આ ઘટના હાલ સમગ્ર પાટણ જિલ્લામાં ચર્ચાનો વિષય બની છે.

# સરકારે સ્વીકાર્યું - બે વર્ષમાં ૭૫ જેટલી સરકારી શાળાઓ બંધ કરવામાં આવી: ચૈતર વસાવા

## સરકારી શાળાઓને બંધ કરી ખાનગી શાળાઓને પ્રાધાન્ય આપવામાં આવે છે: ચૈતર વસાવા

અમદાવાદ/નર્મદા/ભરૂચ/

આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ વિધાનસભા ખાતે મીડિયા સમક્ષ પોતાની વાતો કરતા જણાવ્યું હતું કે, આજે શિક્ષણ વિભાગને લઈને મારો પ્રશ્ન હતો કે ગુજરાતમાં કેટલી સરકારી શાળાઓ બંધ કરવામાં આવી. તો મને જોવા મળે છે કે છેલ્લા બે વર્ષમાં ૭૫ જેટલી શાળાઓ બંધ કરવામાં આવી છે. આપણું આટલું મોટું શિક્ષણનું બજેટ હોય અને સરકારી શાળાઓને પ્રાધાન્ય આપવાની જગ્યાએ સરકાર શાળાઓ બંધ કરી રહી છે અને ખાનગી શિક્ષણને પ્રાધાન્ય આપવામાં આવે છે ,એ આજના જવાબ પરથી દેખાઈ રહ્યું છે. વધુમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, મારો બીજો પ્રશ્ન હતો કે રાજ્યમાં કેટલી શાળાઓ પાળી પદ્ધતિથી ચાલે છે, એટલે કે સવારે પ્રાથમિકના બાળકો ભણે અને બપોરે માધ્યમિકના બાળકો ભણે. સરકારે જણાવ્યું કે ગુજરાતમાં પાળી પદ્ધતિથી ૨૬૭૪ શાળાઓ ચાલે છે. ગરવી ગુજરાતની વરવી વાસ્તવિકતા એ છે કે શાળાઓમાં પૂરતા ઓરડાઓ નથી અને શાળાના મકાનો નથી જેના કારણે પાળી પદ્ધતિથી શાળાઓ ચાલે છે. ૧૧ વાગે જે બાળકો સ્કૂલથી છૂટશે તો એ બાળકો ક્યાં જશે અને શું કરશે? સરકાર પાસે એનો કોઈ જવાબ નથી અને બપોરે જે બાળકોનું શિક્ષણ કાર્ય છે તો એ લોકોએ શું કરવાનું તે લોકો ક્યાંથી આવશે? તેના સરકાર પાસે કોઈ જવાબ નથી?

# અમેરીકા સાથેની ટ્રેડ ડીલ મુદ્દે ગુજરાત વિધાનસભા બહાર કોંગ્રેસનો હલ્લાબોલ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાત વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન આજે ગુરૂવારે ભારે રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. સત્રની કાર્યવાહી થાય તે અગાઉ જ કોંગ્રેસે અમેરીકા સાથેની ટ્રેડ ડીલ મુદ્દે દેખાવો કર્યા હતા. જયારે ગૃહની અંદર નિગમોની ગ્રાન્ટ ફાળવણી મુદ્દે થયેલા હોબાળા બાદ વિપક્ષે વોકઆઉટ કર્યો હતો. સત્ર શરૂ થતા પહેલા કોંગ્રેસના ધારાસભ્યોએ પક્ષના કાર્યાલય થી વિધાનસભાના પગથીયા સુધી ભારે સુત્રોચ્ચાર સાથે કુચ કરી હતી, કોંગ્રેસ




દ્વારા અમેરીકા સાથે થયેલી ટ્રેડ ડીલ ને રદ કરવાની માંગ સાથે દેખાવો કર્યા હતા. ધારાસભ્યોના હાથમાં પીએમ કોમ્પ્રોમાઈઝ, ટ્રમ્પના દબાવમાં ડીલ અને દેશને બરબાદ કરનારી ડીલ જેવા લખાણવાળા પોસ્ટરો જોવા મળ્યા હતા, કોંગ્રેસે કહ્યુ હતુ કે આ ડીલને કારણે ગુજરાતના ઉદ્યોગકારો, ખેડુતો અને નાના વેપારીઓને મોટુ આર્થિક નુકશાન થશે, વિપક્ષે સરકાર પાસે આ ડીલની વિગતો જાહેર કરી પારદર્શિતા રાખવાની માંગ કરી હતી. વિધાનસભાની અંદર આજે ગુરૂવારે અનુસચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને પછાત વર્ગ નિગમોને રકમ ફાળવવાના મુદ્દે ચર્ચા હાથ ધરવામાં આવી હતી. મંત્રી મનીષા વકીલે ગૃહમાં જણાવ્યુ હતુ કે સરકાર દ્વારા આ નિગમોને નિયમિત રીતે પુરતી રકમ ફાળવવામાં આવી રહી છે. જો કે મંત્રીના જવાબ થી અસંતોષ વ્યકત કરતા કોંગ્રેસના ધારાસભ્યોએ આક્ષેપ કર્યો હતો કે ગ્રાન્ટ સમયસર મળતી નથી, જેના કારણે જરૂરીયાતમંદોને સહાય પહોચાડવામાં મુશ્કેલી પડી રહી છે. ચર્ચા દરમિયાન કોંગ્રેસના તમામ ધારાસભ્યો પોતાની જગ્યાએ ઉભા થઈ ગયા હતા અને જોરશોરથી ભારે સુત્રોચ્ચાર કર્યા હતા. અધ્યક્ષ દ્વારા વારંવાર શાંતિ જાળવવાની અપીલ કરવા છતાં હોબાળો યથાવત રહ્યો હતો. અંતે સરકારના વલણ સામે વિરોધ નોંધાવતા કોંગ્રેસના તમામ ધારાસભ્યોએ ગૃહમાંથી વોકઆઉટ કર્યો હતો.

# પરીક્ષાએ જીવનનો અંત નથી પણ નવી શરૂઆત છે:પ્રવકતા મંત્રી જીતુ વાઘાણી

પ્રતિનિધિ,ગાંધીનગર

સમગ્ર ગુજરાતમાં આજે તારીખ ૨૬ ફેબ્રુઆરી થી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની બોર્ડની પરીક્ષાઓનો વિધીવત પ્રારંભ થયો છે. આ મહત્વપૂર્ણ અવસરે ગુજરાત રાજયના સરકારી પ્રવકતા મંત્રી જીતુ વાઘાણીએ રાજયના તમામ પરીક્ષાર્થી વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને હૃદયપૂર્વકની શુભકામનાઓ પાઠવી હતી. મંત્રીએ તેમના સંદેશમાં જણાવ્યુ હતુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જ પરીક્ષા પે ચર્ચા થકી દેશભરના વિદ્યાર્થીઓને કોઈપણ દબાણ કે ચિંતા વિના સંપૂર્ણ આત્મ વિશ્વાસ સાથે પરીક્ષા આપવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. દરેક વ્યકિતની એક વિશેષ ક્ષમતા હોય છે, એક ક્ષમતાને પારખીને પોતાની સ્કિલ પર વધુ ફોકસ કરીને ચિંતામુકત થઈ પરીક્ષા આપવા મંત્રીએ આગ્રહ કર્યો હતો. પરીક્ષાએ વિદ્યાર્થીઓના વર્ષભરની મહેનતનુ પરીણામ મેળવવાનો અવસર છે. મંત્રી વાઘાણીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા આશાવાદ વ્યકત કર્યો હતો કે વિદ્યાર્થીઓ કોઈપણ જાતના ડર કે માનસિક બોજ રાખ્યા વિના આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપે, મંત્રીએ પરીક્ષાર્થીઓના વાલીઓને પણ અનુરોધ કર્યો હતો કે વિદ્યાર્થીના પરીવારજનોએ ઘરનુ વાતાવરણ હળવુ રાખવા અને બાળકો પર વધુ પડતુ દબાણ લાવવાને બદલે તેમનો ઉત્સાહ વધારવો જોઈએ. પ્રવકતા મંત્રીએ માહિતી આપતા જણાવ્યુ હતુ કે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વ તેમજ નાયબ મુખ્યમંત્રીના



સહયોગથી રાજય સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા તમામ પરીક્ષા કેન્દ્રો પર જરૂરી સુવિધાઓ અને ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. જેથી વિદ્યાર્થીઓ શાંતિ પૂર્ણ માહોલમાં પરીક્ષા આપી શકે.

# વાવ થરાદ જિલ્લામાં આંગણવાડી કાર્યકરોની અચોકકસ મુદતની હડતાળ આજે ત્રીજા દિવસે પણ યથાવત

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

વાવ અને થરાદ જિલ્લાના તાલુકા અને કાંકરેજ તેમજ દિયોદર તાલુકામાં આંગણવાડી કાર્યકર તથા તેડાગર બહેનો દ્વારા પોતાની પડતર માંગણીઓ અને સતત વધી રહેલા કામના ભારણ સામે વિરોધ પ્રદર્શિત કરવા માટે એક બાદ એક આવેદનપત્ર આપવામાં આવી રહ્યા છે. ટ્રેડ યુનિયનો દ્વારા જાહેર કરવામાં આવેલ ૨૩ ફેબ્રુઆરી ની હડતાળને આંગણવાડીની બહેનોએ સંપૂર્ણ સમર્થન જાહેર કર્યુ છે. બહેનોએ કહ્યુ હતુ કે છેવાડાના ગામડાઓમાં નેટવર્ક ની સુવિધા નથી, છતાં સતત નવી નવી એપ્લીકેશનો દ્વારા ઓનલાઈન ડેટા એન્ટ્રીનુ દબાણ કરવામાં આવે છે. સરકાર દ્વારા કામ કરવા માટે મોબાઈલ આપવામાં આવ્યા નથી. તેમ છતાં બહેનોએ પોતાના ખર્ચે અને નજીવા વેતનમાં ઓનલાઈન કામગીરી કરવી પડે છે. જે આર્થિક રીતે પરવડતુ નથી, વરસોથી સેવા આપતી આ બહેનોને ખુબ જ ઓછુ માનદ વેતન મળે છે. અમારી માંગ છે કે હાઈકોર્ટના આદેશ મુજબ બહેનોને કાયમી કર્મચારી ગણવામાં આવે અને સમાન કામ સમાન વેતનનો નિયમ લાગુ કરવામાં આવે, જયાં સુધી અમારી ન્યાયીક માંગણીઓનો સ્વીકાર કરવામાં નહી આવે ત્યાં સુધી અમારી હડતાળ અને લડત ચાલુ રહેશે.

# જોરાવરગઢ ટોલ પ્લાઝા પાસેથી ૪.૬૩૩ કિલો પોષડોડા સાથે બે પકડાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)સુઈગામ

સુઈગામ પોલીસે પેટ્રોલિંગ દરમિયાન જોરાવરગઢ ટોલ પ્લાઝા નજીકથી ટ્રેઈલરમાંથી ૪.૬૩૩ કિલો ગ્રામ પોષડોડા સાથે રૂ. ૧૦,૭૯,૪૯૫નો મુદ્દામાલ જપ્ત કરી બે જણાને ઝડપી લીધા હતા. તેમજ માલ આપનાર અને મંગાવનાર સહિત ચાર જણા વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

મંગળવારે રાત્રે સુઈગામ પી.આઈ. પોલીસ સ્ટાફના માણસો સાથે ભારતમાલા હાઈવે પરના જોરાવરગઢ ટોલ પ્લાઝા પાસે વાહન ચેકિંગમાં હતા.

તે દરમિયાન રાજસ્થાન તરફથી આવતા એક ટ્રેઈલરને ઊભું રખાવી તેમાં તપાસ કરતાં તેમાંથી ૪.૬૩૩ કિલોગ્રામ પોષડોડા મળી આવ્યા હતા.

આ અંગે ડ્રાઈવર તેમજ કિલનરને ઝડપી કડક પૂછતાછ કરતાં આ પોષડોડા સામખીયાળીના એક વ્યકિતએ મંગાવેલા હોવાનું જણાવ્યું હતું.

# શિક્ષિકાએ એક માસૂમ વિદ્યાર્થીને ઢોર માર માર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)ભરૂચ

ભરૂચના મકતમપુર વિસ્તારમાં આવેલી યુનિવર્સલ સ્કૂલમાં શિક્ષિકા દ્વારા એક માસૂમ વિદ્યાર્થીને ઢોર માર મારવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. માત્ર નોટબુક સાથે ન લાવવા જેવી સામાન્ય બાબતે શિક્ષિકાએ માનવતા નેવે મૂકી વિદ્યાર્થીને સ્ટીલની ફૂટપટ્ટીથી ફટકારતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. ભરૂચની યુનિવર્સલ સ્કૂલમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી શાળાએથી ઘરે પરત ફર્યો ત્યારે તેની માતા તેને કપડાં બદલાવી રહી હતી. આ દરમિયાન માતાની નજર વિદ્યાર્થીના શરીર પર પડેલા લાલચોળ નિશાન પર ગઈ હતી.

પશ્ચિમ રેલવે
અમદાવાદ મંડળ

**એલસી નં. 4 ના ઈન્ટરલોકિંગના સંદર્ભમાં સિગ્નલિંગ સામગ્રીનો આંશિક પુરવઠો, ઈન્સ્ટોલેશન, પરીક્ષણ અને કમિશનિંગ**

**ટેન્ડર આમંત્રિત સૂચના સંખ્યા: DRM-SnT-ADI-Sig 16 વર્ષ 2025-26** ને આમંત્રણ આપતી સૂચના ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી કાર્યરત DRM/S અને T ટેન્ડર નંબર DRM-SnT-ADI-Sig 16 વર્ષ 2025-26 ને ઈ-ટેન્ડર આમંત્રણ આપે છે. અંતિમ તારીખ 20.03.2026, 15:00 બિડર્સ ફક્ત અંતિમ તારીખ અને સમય સુધી તેમની મૂળ/સુધારેલી બિડ સબમિટ કરી શકશે, આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફરને મંજૂરી નથી,અને પ્રાપ્ત થયેલી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે. **1. કાર્યનું નામ:** અમદાવાદ મંડળમાં કલોલ-આદરજ મોટી સેક્શન વચ્ચે કિ.મી. 5/8-9 પર એલસી નં. 4 ના ઈન્ટરલોકિંગના સંદર્ભમાં સિગ્નલિંગ સામગ્રીનો આંશિક પુરવઠો, ઈન્સ્ટોલેશન, પરીક્ષણ અને કમિશનિંગ. **૨. કામનો અંદાજિત ખર્ચ:** રૂ. ૧,૪૪,૮૫,૭૦૦.૮૨/- (રૂ. એક કરોડ ચુમ્માલીસ લાખ પંચ્યાસી હજાર સાતસો રૂપિયા અને બ્યાસી પૈસા માત્ર) **3. અર્નેસ્ટ મની ડિપોઝિટ:** રૂ. ૨,૨૨,૪૦૦/- (રૂ. બે લાખ બાવીસ હજાર ચારસો માત્ર) **૪. બંધ કરવાની તારીખ અને સમય:** ૨૦.૦૩.૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક પછી નહીં **૫. ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ૨૦.૦૩.૨૦૨૬ ના રોજ ૧૫:૩૦ કલાકે ખુલશે. **૬. ઈ-ટેન્ડરિંગની વેબસાઈટ:** www.ireps.gov.in

ADI 290

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# સુરત મ.ન.પામાં ભરતી વિવાદ: સ્વાતિ દેસાઈની નિમણૂક અને લાયકાત અંગે ઉઠેલા સવાલો

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત મ.ન.પા માં સ્મીમેર હોસ્પિટલનું આયોજન થતાં નવા સ્ટાફની ભરતી કરવામાં આવેલી. જેમાં વર્ગ-૪, વર્ગ-૩, ટેકનિકલ સ્ટાફ, નર્સિંગ સ્ટાફની તાત્કાલિક ભરતી કરવામાં આવેલી. અને સાથે સાથે મેડિકલ કોલેજની પણ તાત્કાલિક મંજૂરી મળતા સ્ટાફની ભરતી કરવી જરૂરી થઈ પડેલ. આ સંજોગોમાં લાગવગીયા અને કાકા,મામા,બાપા ની વગ ધરાવતા કર્મચારીઓ નિમણુંક પામેલા.

આ સદર ભરતીમાં કારકુન(કલાર્ક) તરીકે સ્વાતિ દેસાઈ સાથે આશરે ચાલીસેક જેટલા કર્મચારીઓની કોઈપણ પ્રકારની ભરતીની પ્રક્રિયા જાળવ્યા વગર સ્વાતિ દેસાઈ જે હાલમાં ડે.મ્યુ.કમિશ્નરની પોસ્ટ ઉપર છે તેઓ પણ કારકુન(ક્લાર્ક) તરીકે જોડાયેલા. ત્યારબાદ વગવસીલો મળી જતાં તેઓ સુરત મ.ન.પા માં સેક્રેટરી ની પોસ્ટ ઉપર પસંદ કરવામાં આવેલા. અને ત્યારબાદ ગણતરીના વર્ષોમાં તેઓ સુરત મ.ન.પા માં છેલ્લા ૩ વર્ષ ઉપરાંતથી ડે.મ્યુ.કમિશ્નર ના હોદ્દે બિરાજમાન છે.



સુરત મ.ન.પા ના નીતિ-નિયમો મુજબ પર્સોનેલ ઓફિસર અને આસિસ્ટન્ટ કમિશ્નર અને ડે.કમિશ્નર (નોન ટેકનિકલ) કર્મચારી / અધિકારીએ એલએલબી (LLB) ની ડિગ્રી મેળવેલી હોવી જોઈએ. આ એક લાયકાત નક્કી કરવામાં આવેલ છે. પર્સોનેલ ઓફિસર અને આસિસ્ટન્ટ કમિશનરો સામાન્ય રીતે ડે.કમિશનરોમાં આવતા હોય છે. કારણકે તેઓ એલએલબી ની ડિગ્રી ધરાવતા હોય છે.

સ્વાતિ દેસાઈ એ સુરત મ.ન.પા માં નોકરીમાં જોડાતા પહેલા એલએલબી નો અભ્યાસ પૂર્ણ કરેલ હતો કે નોકરીમાં જોડાયા બાદ એલએલબી નો અભ્યાસ કર્યો છે? એ તપાસ નો વિષય છે. સુરત મ.ન.પા માંથી પ્રાપ્ત માહિતી મુજબ સ્વાતિ દેસાઈ એ ચાલુ ફરજ દરમ્યાન LLB ની ડિગ્રી મેળવેલ હોવાની ચર્ચા ચાલી રહેલ છે.

સ્વાતિ દેસાઈ એ રાજીનામું પાછું ખેંચતા અન્ય કોઈ ઝોન ઓફિસમાં પોસ્ટિંગ આપવું નહીં અને મનપસંદ વિભાગોમાં જ ફરજ બજાવે અને હિસાબી કામગીરી તેઓની પાસે જ રહે એવી શરત સાથે રાજીનામું પાછું ખેંચી આખરે મ.ન.પા નું નાક દબાવી નોકરીમાં ચાલુ રહ્યા છે. અહીં સુરત મ.ન.પા ની એવી શું મજબૂરી છે કે આટલી બધી બેરોજગારીમાં જ્યાં અસંખ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો બેરોજગાર હોવા છતાં સ્વાતિ દેસાઈ ને ચાલુ રખ્યા છે.

અહી સવાલનો સવાલ એ છે કે શું કોઈ ગોડ ફાધર સ્વાતિ દેસાઈને પાછલા બારણે બચાવી પોતાનો કોઈ સ્વાર્થ તો નથી સાંધી રહ્યા ને? આમ સવાલો તો ઘણા છે પણ જેના જવાબો આપવા મ.ન.પા ના પદાધિકારીઓ કે ઉચ્ચ અધિકારીઓ હાલ માટે મૌની બાબા બની ને તેરી ભી ચૂપ અને મેરી ભી ચૂપ જેવી નીતિ અપનાવી રહ્યા છે.

AAP નેતા ઈસુદાન ગઢવી અને જીગીશા પટેલે યોજી પ્રેસ કોન્ફરન્સ

# ષડયંત્ર યોજી જીગીશાબેન પટેલ પર હુમલો કરવામાં આવ્યો: ઈસુદાન ગઢવી

## જીગીશાબેન પર કરવામાં આવેલા હુમલાના વિરોધમાં ગોંડલમાં ૧લી માર્ચના રોજ AAPની સભા યોજાશે: ઈસુદાન ગઢવી

અમદાવાદ/જૂનાગઢ/ગુજરાત

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને આમ આદમી પાર્ટીના મહિલા નેતા જીગીશા પટેલે મહત્વપૂર્ણ મુદ્દા પર સમેગા, માણાવદર ખાતે પ્રેસ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું. આ પ્રેસ કોન્ફરન્સમાં આમ આદમી પાર્ટી પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે જીગીશાબેન પર કરવામાં આવેલ હુમલો પૂર્વઆયોજિત કાવતરૂ હતુ. સાથે સાથે તેમણે કહ્યું કે પાયલબેન ગોટીનું રાત્રે બાર વાગે સરઘસ કાઢનાર પોલીસ લુખ્ખા તત્વોનું સરઘસ ક્યારે કાઢશે? બહેનો અને દીકરીઓની સુરક્ષાની વાતો કરતી ગુજરાતની ભાજપ સરકારમાં ધોળા દિવસે જીગીશાબેન જેવી કેટલીય બહેનો પર હુમલા થાય છે, અત્યાચાર થાય છે. હમણાં જ ધારાસભ્ય ગોપાલભાઈ ઈટાલિયાએ વિધાનસભામાં પ્રશ્ન પૂછ્યો હતો કે એક વર્ષમાં અમરેલી અને ભાવનગર જિલ્લામાં કેટલી ફરિયાદો નોંધાઈ છે અને એમાંથી કેટલાં કેસોમાં આરોપીઓના સરઘસ કાઢવામાં આવ્યા છે? બહુ આશ્ચર્ય થાય છે કે કહેવાતા “સુરક્ષિત ગુજરાત”માં વાસ્તવિકતા શું છે તે આ ઘટનાથી સ્પષ્ટ થાય છે. જેમાં હું તમને વિગત આપું છું કે જેમાં માત્ર ૯૬ હજાર જેટલી ફરિયાદો થાય છે, એમાંથી માત્ર ૨૦૦ની આસપાસ વરઘોડા કાઢવામાં આવ્યા છે. બાકીના શું થયું? ત્યાંના જે વરઘોડા કાઢવામાં આવ્યા છે તે કોઈ ગરીબ છે, કોઈ શોષિત છે, કોઈ પીડિત છે કોઈ મોટાં લોકો નથી. જે ૭૦ હજાર ફરિયાદોમાંથી વરઘોડા કાઢવામાં આવ્યા નથી, તેમાંના પ્રભાવશાળી લોકો સામે માત્ર કહેવાતી કાર્યવાહી કરવામાં આવી છે, પરંતુ વરઘોડા કાઢવામાં આવ્યા નથી. તો આ સરકાર શું અમીરોની સરકાર છે? ગુંડાઓ કે ગુનેગારોની સરકાર છે?

ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતું કે જીગીશાબેન પટેલના મામલામાં હજી સુધી પોલીસે જે યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ હતી તે કરી નથી. ભુપેન્દ્રભાઈ પટેલને હું કહેવા માંગું છું કે તમે માતા-બહેનોની સુરક્ષાની વાત કરો છો. અગાઉ પણ પાયલબેન પાટીદાર દીકરીના મામલે યોગ્ય કાર્યવાહી થઈ નહોતી. આજે જીગીશાબેન પટેલ પણ પાટીદાર સમાજની દીકરી છે. પાટીદાર દીકરીઓ પર અત્યાચાર થાય તો શું ભાજપ પાટીદારોને નફરત કરે છે? જો મુખ્યમંત્રીનું પદ યોગ્ય રીતે સંભાળી ન શકાતું હોય તો રાજીનામું આપવું વધુ યોગ્ય રહેશે. આ બહેનને જો ૪૮ કલાકમાં ન્યાય ન મળે તો તેની સંપૂર્ણ જવાબદારી સરકારની રહેશે. તમે ખોડિયાર માતા અને ઉમિયા માતાના મંદિરે જાવ છો, પરંતુ એ જ માતાની દીકરીઓને રાજ્યમાં સુરક્ષિત રાખી શકતા નથી, તેની જવાબદારી તમારી છે.આ મામલે અને ખેડૂતોના હક-અધિકાર માટે આવતી ૧ તારીખે ગોંડલ ખાતે આમ આદમી પાર્ટી દ્વારા જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું છે. હું ગોંડલ અને રાજકોટની જનતાને અપીલ કરું છું કે આપણે સૌ અન્યાય સામે એક થઈને આ સભામાં જોડાઈએ.

આ તકે હુમલાનો ભોગ બનનાર જીગીશાબેન પટેલે જણાવ્યું હતું કે ગોંડલની અંદર જે કંઈ પણ થયું છે તેની સચ્ચાઈ જનતા સામે છે. જ્યારે રોડ-રસ્તાના પ્રશ્ન માટે લોકો અવાજ ઉઠાવતા હતા, ત્યારે તેઓને બોલાવવામાં આવ્યા હતા.ભલે સામે ભારતીય જનતા પાર્ટીના કોર્પોરેટર હોય, છતાં લોકોને તેમની પાસે આશા હતી. પરંતુ પ્રશ્નનો ઉકેલ આપવાના બદલે અમારી ઉપર હુમલો કરાવવામાં આવ્યો. આ ઘટનાની અંદર પોલીસે ફરિયાદ તો લીધી છે, પરંતુ નાની-મોટી કલમો લગાવીને મામલો હલકો બનાવવાનો પ્રયાસ થયો છે. જો જીવલેણ હુમલો થયો હોય તો યોગ્ય અને કડક કાર્યવાહી થવી જોઈએ. પરંતુ ફરિયાદને ગંભીરતાથી લેવામાં આવી નથી. જીગીશાબેને મીડિયાના માધ્યમથી જણાવ્યું કે ઘટનામાં “લાલ ટોપી પહેરેલો એક છોકરો” સ્પષ્ટ રીતે દેખાય છે, જે ઈશારા કરતો જોવા મળે છે. પોલીસએ તેની ઓળખ કરી છે કે નહીં તેની માહિતી નથી, પરંતુ અમે તેની સોશિયલ મીડિયા આઈડી તપાસી છે. તેમણે કહ્યું કે સંબંધિત વ્યક્તિ દ્વારા સોશિયલ મીડિયા પર ઉશ્કેરણીજનક અને ધમકીભર્યા સંદેશાઓ પોસ્ટ કરવામાં આવ્યા છે, જેના સ્ક્રીનશોટ્સ મીડિયા સમક્ષ મૂકવામાં આવશે. તેમણે વધુમાં આરોપ મૂક્યો કે ગોંડલમાં કાળા કાચવાળી અને નંબર પ્લેટ વગરની ગાડીઓ ચૂંટણી સમયે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ માટે વપરાતી હોવાના આરોપો અગાઉ પણ ઉઠ્યા હતા. થોડા દિવસો પહેલાં પોલીસે આવી ગાડીઓ સામે ડ્રાઈવ ચલાવી હતી, જેમાં ઘેર-ઘેર જઈને કાળા કાચ ઉતારવા અને ચકાસણી કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. વધુમાં જણાવ્યું હતુ કે મને રાજ્યના ગૃહમંત્રી પાસે ન્યાયની આશા છે.

# જ્યારથી મોબાઈલે જીવનમાં સ્થાન લીધું છે ત્યારથી આત્મહત્યાનું પ્રમાણ પણ ખૂબ જ ખરાબ રીતે વધી ગયું છે

(છગનલાલ મેવાડા ધ્વારા ) સુરત

આજના આધુનિક યુગમાં હવે મોબાઈલ જાણે કે જરૂરિયાતનું સાધન બની ગયો હોય એટલી હદે એનો જે ઉપયોગ થઈ રહ્યો છે એના કરતાં વધુ એનો દૂરઉપયોગ થઈ રહ્યો છે એમ કહેવું અતિશયોક્તિ ભર્યું નહીં જ હોય કારણ મોબાઈલ હવે કેમેરામાં ઉત્તમ ફોટા કે વિડીયો લઈ શકે છે. એમ જ તેનો ઉપયોગ બ્લેકમેઈલિંગ માટે પણ થઈ શકે છે. મોબાઈલ પોતે તો કોઈ ગુનો કરતો નથી. પણ તેનો ઉપયોગ ગુનાહિત પ્રવૃત્તિઓમા વધ્યો છે. લગ્ન પૂર્વે પ્રેમીઓ મોબાઈલથી અંગત પળોનો વિડીયો ઉતારવાનું સાહસ કરતાં હોય છે. અંગત પળોનો આનંદ લેવાની સાથે વિડીયો ઉતારવામાં કયો આનંદ આવે છે તે તો એ પ્રેમીઓ જાણે. પણ એમ કરીને તેઓ મોટુ અને ખોટું જોખમ ઉઠાવે છે. એક તબક્કે માની લઈએ કે પ્રેમીને વિડીયો ઉતારવામાં આનંદ આવતો હશે,પણ પેલી પ્રેમિકા કઈ રીતે એને માટે રાજી થઈ જાય છે એ નથી સમજણ પડતી.

પોતાના શરીરને ખુલ્લુ કરવાનો જ સંકોચ થતો હોય,ત્યાં પ્રેમિકા વિડીયો ઉતારવા શરીર ખુલ્લુ સોંપી દે એમાં પ્રેમનું કેટલું ને કેવું મૂલ્ય વધે છે એ સમજ શક્તિની બહારનું છે. આ બાબતે કોઈને એવો વિચાર નહીં આવતો હોય કે આ વિડીયોનો દુરુપયોગ પણ પ્રેમી કરી શકે છે?

અને એવા કેટલાય ઢગલાબંધ બનાવો અખબારોમાં ચમકી ચૂકયા હોય? ત્યારે જે હોંશે હોંશે અને આનંદથી વિડીયો ઉતારવામાં પ્રેમીએ પાછું વાળીને જોયું ના હોય એ વિડીયો ડિલીટ કરવા પ્રેમીને પછી આજીજી અને કાલાવાલા કરવા પડતાં હોય એવા વિડીયોને પ્રેમિકા ઉતારવા જ કેમ દેતી હોય છે? જે પ્રેમી વિડીયો ઉતારી વિકૃત આનંદ લઈ ને કયા સાચા પ્રેમનો અહેસાસ કરાવે છે કે પછી પોર્ન ફિલ્મ ઉતારે છે ને કયા હેતુથી ઉતારે છે તે કોઈથી જરાય અજાણ્યું હોતું નથી. અને આ નાદાનિયત તો નથી જ કદાચ એ સમયે પ્રેમિકા એનો વિરોધ કરતી પણ હશે.પણ એની કોઈ વાત પ્રેમી માનતો પણ નહીં હોય એની જગ્યાએ જો પ્રેમિકા મક્કમ વિરોધ કરે તો પ્રેમીએ માનવું પણ પડે. એ પ્રેમી છે. બળાત્કારી નથી ને એવું માનતી પ્રેમિકા પ્રેમીના મન ને થોડી જાણી શકે છે? અને જો પ્રેમીનો ઈરાદો ખરાબ જ હોય તો આખરે પ્રેમિકાએ એની પસંદગી માટે પસ્તાવા સિવાય કોઈ રસ્તો જ નથી હોતો.

જ્યારે અંગત પળોનો વિડીયો જો પ્રેમી ધ્વારા ઉતારવામાં આવે ત્યારે જ પ્રેમિકાએ મક્કમપણે આનો વિરોધ કરવો જોઈએ. કારણ બીજું કોઈ ત્યા હોતું નથી. આ દૂષણ જો અટકે તો ઘણી પ્રેમિકાઓ બ્લેકમેઈલ થતી બચી તો જશે પરંતુ અકાળે ભર જવાની માં આત્મહત્યા કરવાથી પણ બચી જશે. હવે એવું લાગે છે કે કોઈપણ અંગતપળોનો વિડીયો ઉતારવા પર તાત્કાલિક અસર થી પ્રતિબંધ મૂકવાની જરૂર હોય એવું નથી લાગતું?

# મંત્રી મનીષા વકીલના અસ્પષ્ટ જવાબોથી કોંગ્રેસના ધારાસભ્યો વેલ માં ધસી આવ્યા: પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરા એ વકીલને માર્યો ટોણો: ગુજરાતીમાં જવાબ આપો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગરમાં યોજાયેલી વિધાનસભાની બેઠક દરમિયાન આર્થિક પછાત નિગમમાં ગ્રાન્ટ ફાળવણી અંગે કોંગ્રેસના ધારાસભ્યોએ ભારે હોબાળો મચાવ્યો હતો.

કોંગ્રેસે મંત્રી મનીષા વકીલ પાસેથી ગ્રાન્ટ ફાળવણીના નિયમો વિશે ચાર વખત સવાલ પુછયા છતાં સ્પષ્ટ જવાબ ન મળતા ધારાસભ્યોમાં અસંતોષ ફેલાયો હતો અને વોકઆઉટ કર્યુ હતુ. ધારાસભ્યોએ વેલ માં ધુસીને મંત્રી પાસેથી જવાબ માંગ્યા હતા. પરંતુ મંત્રીના અલગ અલગ જવાબ અને નિયમ અંગે સ્પષ્ટતા ન હોવાને કારણે કોંગ્રેસના ધારાસભ્યોએ વિરોધ કર્યો હતો, કોંગ્રેસના ધારાસભ્યોએ ગૃહમાં વિરોધ દર્શાવી અને આર્થિક પછાત નિગમોમાં ગ્રાન્ટ ફાળવણી ધોરણોમાં અસમંજસ હોવાનો ઉલ્લેખ કર્યો હતો.

તો બીજી તરફ પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરા એ મંત્રી મનીષા વકીલને ગંભીર ટોણો માર્યો હતો અને કહ્યુ હતુ કે ગુજરાતી ભાષામાં જવાબ આપતા શીખો, અંગ્રેજી આંકડામાં કોઈને સમજાતુ નથી, મનીષા વકીલે અંગ્રેજીમાં આંકડાકીય માહિતી આપી હતી. અંગ્રેજી સાંભળીને વિરોધ થાય તે અયોગ્ય તેવુ રમણલાલ વોરાએ જણાવ્યુ હતું.




# રાજયની શાળાઓને સ્વચ્છતા માટે માત્ર ગણતરી ની જ ગ્રાન્ટ આપવામાં આવે છે

પ્રતિનિધિ,ગાંધીનગર

સમગ્ર દેશમાં સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યુ છે. કલીન ઈન્ડીયા અભિયાન હેઠળ સરકાર દ્વારા દેશને સ્વચ્છ રાખવા માટે અનેક પહેલ કરવામાં આવી છે. આ માટે શહેરોને સ્વચ્છતાનો એવોર્ડ પણ આપવામાં આવે છે. ત્યારે ગુજરાતમાં પણ સ્વચ્છતા અંગે સરકાર દ્વારા અનેક પ્રયાસો હાથ ધરાયા હોવાના દાવા કરવામાં આવે છે. રાજયમાં સ્વચ્છતા અભિયાનની વાતો વચ્ચે શાળાઓમાં ફાળવવામાં આવતી સ્વચ્છતાની ગ્રાન્ટ અંગે કંઈક જુદી હરકત બહાર આવી છે. ગુજરાતની સ્કુલોમાં ફાળવવામાં આવતી સ્વચ્છતાની ગ્રાન્ટ અંગે વિધાનસભામાં સરકારે ધારાસભ્યો ના સવાલનો જવાબ આપ્યો હતો. ગુજરાતની શાળાઓમાં સ્વચ્છતા માટે ગ્રાન્ટની રકમ સાવ સામાન્ય આપવામાં આવતી હોવાની વિગતો બહાર આવી છે, રાજયમાં ૧૦૦ વિદ્યાર્થીઓ ધરાવતી શાળા માટે માત્ર રૂપીયા ૧ હજાર , ૩૦૦ વિદ્યાર્થીઓ ધરાવતી શાળાઓ માટે ૧૮૦૦ અને ૫૦૦ વિદ્યાર્થી ધરાવતી શાળાઓ માટે રૂપીયા ૪ હજાર અને ૫૦૦ થી વધુ વિદ્યાર્થી ધરાવતી શાળાઓને શાળામાં ૫ હજારની ગ્રાન્ટ સરકાર તરફથી ફાળવવામાં આવે છે. શિક્ષણ વિભાગ શાળા દીઠ પ્રતિ મહિને ગ્રાન્ટ ફાળવે છે.



AAP નેતા ઈસુદાન ગઢવી, મનોજ સોરઠીયા અને પ્રવીણ રામે યાત્રા દરમિયાન ખેડૂતોના પ્રશ્નો જાણ્યા

# AAPની “પરિવર્તન લાવો, ખેડૂત બચાવો યાત્રા”ને ગામેગામથી મળ્યું મજબૂત સમર્થન

## AAPની સરકારમાં કલેકટર પણ ખેડૂતને સેલ્યુટ મારશે: ઈસુદાન ગઢવી






અમદાવાદ/દેવભૂમિ દ્વારકા/


આમ આદમી પાર્ટી દ્વારા ખેડૂતોના પ્રશ્નોને લઈને “પરિવર્તન લાવો, ખેડૂત બચાવો યાત્રા”ની શરૂઆત સોમનાથથી કરવામાં આવી હતી. તારીખ ૨૬ના રોજ આ યાત્રા માણાવદરના ચિરોડા, સુલતાનાબાદ, ખાગેશ્રી, સમેગા અને ભાણખોખરીથી પસાર થઈ હતી. ભાણખોખરીમાં સાંજે એક સભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તો આ યાત્રામાં પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ફ્રન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ અને પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા સહિત આગેવાનો અને કાર્યકર્તાઓએ ભાગ લીધો હતો અને સાથે સાથે મોટી સંખ્યામાં ખેડૂતો અને યુવાનો પણ જોડાયા હતા. આમ આદમી પાર્ટીના નેતાઓ ગામેગામ જઈને ખેડૂતોને મળ્યા હતા તથા તેમના પ્રશ્નોને જાણ્યા હતા. ખાગેશ્રી અને ચિરોડા ગામે ખાટલા બેઠકનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તમામ ગામોમાં આમ આદમી પાર્ટીના નેતાઓનું ખૂબ જ ઉત્સાહપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું અને લોકોએ સંકેત આપી દીધા કે આમ આદમી પાર્ટી હવે આવનારી ચૂંટણીઓમાં નવો ઈતિહાસ રચવાની છે.

આમ આદમી પાર્ટીએ ખેડૂતોના હક અને અધિકાર માટે આ યાત્રાની શરૂઆત કરી છે. હાલ ખેડૂતો પર ખૂબ જ અત્યાચાર થઈ રહ્યો છે. ૫૪ લાખ ખેડૂતોના પરિવારો આજે પીડાઈ રહ્યા છે. ખેડૂતોને પૂરતા ભાવ નથી મળતા, પૂરતી વીજળી નથી મળતી, ખેડૂતોના ઉભા પાકમાં વીજળીના થાંભલાઓ નાંખવામાં આવે છે અને તેમને હેરાન પરેશાન કરવામાં આવે છે, આ સિવાય ખેડૂતોને પૂરતા પ્રમાણમાં ખાતર અને બિયારણ મળતું નથી અને પાક વીમા યોજનાનો પણ લાભ મળતો નથી. તો આવા ખેડૂતોના અનેક મુદ્દાઓને લઈને આમ આદમી પાર્ટી હંમેશા મજબૂતાઈથી અવાજ ઉઠાવતી રહી છે. આમ આદમી પાર્ટીએ અગાઉ અનેકવાર આંદોલનો કર્યા, સભાઓ કરી, કિસાન મહાપંચાયતો કરી, છતાં પણ ખેડૂતોના મુદ્દાઓ ઉકેલાયા નથી જેના કારણે આમ આદમી પાર્ટીએ નક્કી કર્યું કે આમ આદમી પાર્ટી “પરિવર્તન લાવો, ખેડૂત બચાવો યાત્રા” શરૂ કરશે અને ખેડૂતોના અવાજને બુલંદ બનાવશે. ૮ માર્ચના રોજ યાત્રાની પુર્ણાહુતિ દરમિયાન ખેડૂત મહાસંમેલનનું આયોજન થશે, જેમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજી પધારશે.

# હવે તિરુપતિના લાડવામાં થનારી ભેળસેળ ઈલેકટ્રોનિક જીભ અને નાક પકડી પાડશે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (TTD) ના પ્રખ્યાત તિરુપતિ બાલાજી મંદિરમાં ભેળસેળયુકત લાડુનો પ્રસાદ મળી આવ્યા બાદ મંદિરમાં પ્રસાદના ઘટકોનું પરીક્ષણ કરવા માટે ૨૫ કરોડ રૂપિયાના ખર્ચે એક આધુનિક લેબોરેટરી સ્થાપવામાં આવી રહી છે. આ સંદર્ભમાં આંધ્રપ્રદેશના આરોગ્ય પ્રધાન વાય.સત્યકુમાર યાદવે જણાવ્યુ હતું કે “આ લેબોરેટરીનું નિર્માણ ઓકટોબર ૨૦૨૪ માં આંધ્રપ્રદેશ સરકાર અને ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરીટી ઓફ ઈન્ડિયા (FSSAI) વચ્ચે થયેલા કરાર મુજબ કરવામાં આવી રહ્યું છે. આ પ્રોજેકટ માટે આશરે ૨૫ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. લેબોરેટરીનું ૯૦ ટકા કામ પૂરું થઈ ગયું છે. આવતા મહિને કામગીરી શરૂ થવાની ધારણા છે. આ લેબોરેટરીમાં વિવિધ પ્રકારના ખોરાકનું પરીક્ષણ કરવા માટે અત્યાધુનિક ઉપકરણો હશે. પરંતુ મુખ્ય ઉપકરણો ઈલેકટ્રોનિક જીભ અને ઈલેકટ્રોનિક નાક હશે. જે ફ્રાન્સથી ૩.૫ કરોડ રૂપિયાના ખર્ચે આયાત કરવામાં આવ્યા છે. આ ઉપકરણો ઘી ની શુધ્ધતા, સ્વાદ, ગંધ અને રચનામાં સૂક્ષ્મ ફેરફારો પણ શોધી શકે છે. આ પ્રખ્યાત લાડુ અને અન્ય પ્રસાદ બનાવવામાં વપરાતા ઘી ની ઉચ્ચત્તમ ગુણવત્તા જાળવવાના પ્રયાસોનો એક ભાગ છે. લેબોરેટરીમાં ડઝન બંધ અન્ય સાધનો પણ સ્થાપવામાં આવી રહ્યા છે. જેમાં કાચા માલની તાજગી શોધવા માટે સેન્સર અને માઈક્રોબાયોલોજી ટેસ્ટર્સનો સમાવેશ થાય છે. લેબોરેટરી પરીક્ષણ ખાતરી કરશેકે ભક્તોને પીરસવામાં આવતા લાડુ અને પ્રસાદ ઉચ્ચ ગુણવત્તાના છે.



# પ્રાથમિક શિક્ષણ નિયામકની સુચના : પ્રાથમિક શિક્ષકોને બિન શૈક્ષણિક કામગીરી નહી કરાવી શકાય

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકારના શિક્ષણ વિભાગના એક નિર્ણયથી શિક્ષકોને કામગીરીમાં રાહત મળી છે. શિક્ષણ વિભાગે પ્રાથમિક શિક્ષકોને બિન શૈક્ષણિક કામગીરીમાંથી મુકિત આપી છે.

રાજયના પ્રાથમિક શિક્ષણ નિયામકે પરીપત્ર બહાર પાડયો છે જેમાં શિક્ષણ સિવાયની અન્ય કામગીરીમાં શિક્ષકોને નહી જોડવા સુચના આપવામાં આવી છે.

ગુજરાત રાજયના પ્રાથમિક શિક્ષણ નિયામકે એક પરીપત્ર કરીને સુચના આપી છે કે હવેથી પ્રાથમિક વિભાગના શિક્ષકોને બિન શૈક્ષણિક કામગીરી નહી કરાવી શકાય, તેમણે શિક્ષકોને શિક્ષણ સિવાયની કામગીરીમાં નહી જોડવા સુચના આપી છે. રાષ્ટ્રીય હીત સિવાયની કામગીરી હવેથી પ્રાથમિક શિક્ષકો પાસે નહી કરાવી શકાય, બાળકોના શિક્ષણ પર વિપરીત અસર ના પડે તે માટે નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લા શિક્ષણ અધિકારી અને શાસના અધિકારી ને લેખિતમાં સુચના આપવામાં આવી છે. અગાઉ શિક્ષકોને બિન શૈક્ષણિક ફરજમાં ન જોડવા રજુઆત કરી હતી. સંમતિ વિના જ શિક્ષકોને કામગીરી સોંપાતી હતી.

# નકલી ની બોલબાલા વચ્ચે વધુ એક ગુજરાતમાં નકલી બીએડ કોલેજ ઝડપાઈ: ઉના તાલુકાના ભાચા ગામે બે વરસથી મંજુરી વગર ધમધમી રહેલી કોલેજ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં થી નકલી પોલીસ, મંત્રીના નકલી પીએ, નકલી ઓફીસર, નકલી જજ અને નકલી સરકારી કચેરીઓ ઝડપાયા બાદ હવે ઉના તાલુકાના ભાચા ગામે છેલ્લા બે વરસથી મંજુરી વગર ધમધમતી નકલી બીએડ કોલેજ ઝડપાતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે.




આ નકલી કોલેજ ઝડપાતા તેમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓના ભાવી સામે પણ સવાલો ઉભા થતા વાલીઓમાં ચિંતાની લાગણી જન્મી છે. મળતી માહિતી મુજબ ઉના પંથકના ભાચા ગામમાં વનીતાબેન બચુભાઈ નાંડોળા બીએડ કોલેજ એનસીટીઈ ની બોગસ મંજુરીના આધારે બે વરસથી ધમધમતી હોવાનો ઘટસ્ફોટ થયો છે. એનસીટીઈ એ કોઈપણ પ્રકારની મંજુરી આપી ન હતી, જવાબદારોએ એનસીટીઈ ના નામે બોગસ મંજુરી પત્ર તૈયાર કરી ગાંધીનગર ઉચ્ચ શિક્ષણ વિભાગ ને જુનાગઢ નરસિંહમહેતા યુનિર્વસિટીમાં મોકલ્યો હતો, તેના આધારે યુનિર્વસિટીએ બીએડ કોલેજને વિદ્યાર્થી ફાળવી દીધા હતા એવા અણસાર મળતા હવે જવાબદારો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરવાની માંગ ઉઠી છે. છેલ્લા ઘણા સમયથી સોરઠ પંથકની બીએડ કોલેજ બોગસ હોવાની રાવ સાથે મોટો વિવાદ સર્જાયો હતો. નરસિંહ મહેતા યુનિર્વસિટીમાં ઉપકુલપતિ બદલી જતા શંકાસ્પદ બીએડ કોલેજ સામે ગાળીઓ કસાયો હતો. અનેક કોલેજની મંજુરી પણ રદ થઈ હતી. ઉનાના ભાચામાં વી બી નાંડોળા બીએડ કોલેજ બોગસ હોવાના ગંભીર આરોપ વચ્ચે એનસીટીઈએ મંજુરી આપી હોવાના આરટીઆઈ માં જવાબ આપવામાં આવ્યા હતા. આરટીઆઈના જવાબના આધારે મંજુરીના પત્ર સાચા છે કે ખોટા તેની એનસીટીઈમાં ખરાઈ કરવામાં આવી હતી, અરજદારે માંગેલી માહિતીના આધારે એનસીટીઈએ સ્પષ્ટતા કરી હતી કે તારીખ ૫/૬/૨૦૧૩, તારીખ ૨૫/૭/૨૦૨૫ નો કોઈ પત્ર અમે લખ્યો નથી કે અમે આવી કોઈ મંજુરી આપેલ નથી, વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ માં વિદ્યાર્થીઓએ વી બી નાંડોળા કોલેજમાં અભ્યાસ કર્યો છે, આ કોલેજની માન્યતા હતી જ નહી છતાં પણ ગત વરસે નરસિંહ મહેતા યુનિર્વસિટી દ્વારા આ કોલેજની પરીક્ષા લેવામાં આવી અને તેના આધારે બીએડ કોલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને ડીગ્રી એનાયત કરી દેવામાં આવી હતી.

આ મામલે અરજદાર દ્વારા જવાબદારો વિરૂધ્ધ બોગસ ડોકયુમેન્ટ ઉભા કરી તેનો ખરા તરીકે ઉપયોગ કર્યો અને કોણે કોણે આ કાવતરૂ રચ્યુ ? કોની શું ભુમિકા છે ? તેની તપાસ કરી વી સી દ્વારા પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. હવે યુનિર્વસિટીના ઉપકુલપતિ આ અંગે શું કાર્યવાહી કરે છે તે મહત્વનુ છે.